# યોહાના લોખલી હારી ખોબાર
## પ્રસ્તાવના

યોહાના લોખલી હારી ખોબાર યાહાટી લોખલાં ગીઅલાં આતા કા લોક ઈસુવોય બોરહો કોઅય હોકે (20 : 30-31), શુરવાતી વચન, પોરમેહેરાઆરે ઈસુ અનોખા સબંધા બારામાય જોર દેહે એને ઈ પ્રગટ કોઅહે કા ઈસુજ પોરમેહેર હેય, ઈ ચોપડી ઈસુવા દૈવીયતા દેખાડાહાટી સ્યા હાત ચિન્હ-ચમત્કારાહાવોય દિયાન કેન્દ્રિત કોઅહે. ઈસુય લોકહાન અનંતજીવના વાયદો કોઅતા, સ્યાહાન સ્યાવોય બોરહો કોઅરાહાટી હાદ્યા. સ્યાય લાજરસાલ જીવતો કોઅનાકોય ઈ સાબિત કોઅય દેના કા તો પોતે મોઅના એને મોઅલા માઅને જીવી ઉઠનાથી, જીવન દી હોકહે (અધ્યાય 11), યોહાન યે ચોપડીમાય ખ્રિસ્તા હાત "આંય હેય" ઈ વાત, નિકોદેમુસ એને સામરી થેએયે આરે હામ્મે-હામ્મે વાત કોઅના, સ્યા શિક્ષણ જી સ્યાય ઉચલી ખોલ્યેમાય દેના એને શિષ્યહા પાગ દોવના (અધ્યાય 13-16), એને સ્યા મોઠા યાજકા પ્રાર્થનાલ દર્શાવેહે (અધ્યાય 17). ઈ ચોપડી હારી ખોબારે હારી વાતહે સારાંશ બી 3:16 સામીલ કોઅહે. યે ચોપડી લોખનારો લેખક સંભવત: પ્રેષિત યોહાન હેય, એને ઈ ચોપડી લોખના સમય લગભગ ઇસવી સન 85 માય હેય.

પેલ્લા વચન આતા

1 ઈ દુનિયા બોના પેલ્લા તો આતો, જ્યાલ વચન આખતેહે, એને તો
પોરમેહેરાઆરે આતો એને તો પોરમેહેર આતો.
2 તો દુનિયા બોના પેલ્લેથીજ પોરમેહેરાઆરે આતો.
3 બોદા દુનિયા સ્યા કોઇન બોનાવ્યાં, એને બોદા દુનિયામાય
સ્યાવોગાર કાયજ બોની નાંય હોક્યા.
4 તો બોદા જીવના ઝરો હેય, એને તોજ બોદા માઅહાન ઉજવાડો
દેહે.
5 તો ઉજવાડો આંદારામાય ચોમકેહે એને આંદારાં સ્યાલ ઉલવી નાંય
હોક્યા.
6 પોરમેહેરાય યોહાન નાંવા યોક માઅહાલ દોવાડયો.

7 યોહાન સાક્ષી દાંહાટી યેનો, કા તો ઉજવાડા બારામાય સાક્ષી દેય,
કા બોદે ચ્યા સાક્ષી લીદે ઉજવાડાવોય બોરહો કોએ.
8 યોહાન પોતે ઉજવાડો નાંય આતો, બાકી ઉજવાડા બારામાય સાક્ષી
દાંહાટી યેનલો આતો.
9 તો હાચ્ચો ઉજવાડો હેય, તો બોદા માઅહાન ઉજવાડો દેહે, તો
દુનિયામાય યેનારો આતો.
10 તો દુનિયામાય આતો, એને દુનિયા ચ્યા કોઇન બોનાવલા આતા,
બાકી દુનિયા લોકહાય ચ્યાલ નાંય વોળખ્યો.
11 તો પોતાના લોકહામાય યેનો, બાકી પોતાના લોકહાય ચ્યા સ્વીકાર
નાંય કોઅયો.
12 બાકી જોલા લોકહાય ચ્યા સ્વીકાર કોઅયો, એટલે ચ્યાવોય
બોરહો કોઅયો ચ્યાહાન ચ્યે પોરમેહેરા પોહેં બોના ઓદિકાર દેનો.
13 ચ્યાહા જન્મો આયહે આબહા ઇચ્છાકોય નાંય, કા યોકા માઅહા
પોહા પૈદા કોઅના મોરજયેકોય નાંય, કા માઅહા ઇચ્છાકોય નાંય જાયો,
બાકી પોરમેહેરા પાયને જન્મો જાયો.
14 એને વચન યોક માઅહું બોન્યો, એને મોયા એને હાચ્ચાયેકોય
પરિપૂર્ણ ઓઇન આપહેમાય વોહતી કોઅયી, એને આમહાય ચ્યા
મહિમા એઅઇ, જીં પોરમેહેર આબા પાઅને યેનલા યોકને-યોક પોહા
મહિમા.
15 યોહાને ચ્યા બારામાય સાક્ષી દેની, એને બોંબલીન આખ્યાં, "ઓ
તોજ હેય, જયા બારામાય માયે આખલા આતા કા, મા પાછે જો યેનારો
હેય, તો મા કોઅતો મહાન હેય, કાહાકા તો મા કોઅતો પેલ્લા આતો."
16 કાહાકા ચ્યા સદા મોયા પરિપૂર્ણતા કોય આપા બોદહાન બોરકાત
વોય બોરકાત મીળહી.
17 કાહાકા નિયમશાસ્ત્ર મૂસાકોય દેનલા આતા બાકી પોરમેહેરાય
ઈસુ ખ્રિસ્તાકોય સદા મોયા એને હાચ્ચાઇ દેખાડી.
18 પોરમેહેરાલ કાદે દેખ્યહો નાંય, બાકી પોરમેહેરા યોકનેયોક પોહો
ચ્યા પોરમેહેરા પાહાય રોહે, ચ્યેય ચ્યાલ પ્રગટ કોઅયા.

### યોહાન બાપતિસ્મા દેનારા સાક્ષી
### *(માથ્થી 3:1-12; માર્ક 1:1-8; લુક. 3:1-18)*

19 જોવે યહૂદી આગેવાનહાય યેરૂસાલેમ શેહેરામાઅને યાજક એને
લેવીયાહાન યોહાનાલ ઈ પુછા દોવાડયા કા, “તું કું હેતો?” તોવે યોહાના
સાક્ષી ઈ.
20 યોહાને સાફ કબુલ કોઅયા, “આંય ખ્રિસ્ત નાંય હેતાઉ.”
21 તોવે ચ્યાહાય યોહાનાલ પુછ્યાં, “તે પાછે તું કું હેતો? કાય તું
એલીયા ભવિષ્યવક્તા હેય?” યોહાને જવાબ દેનો કા “આંય નાંય હેય”
“તે કાય તું તો ભવિષ્યવકતો હેય, જો યેનારો હેય?” યોહાને જવાબ
દેનો, “આંય નાંય હેય.”
22 તોવે ચ્યાહાય યોહાનાલ પુછ્યાં, “પાછે તું કું હેતો? કા આમા
આમહાન દોવાડનારાહાન જવાબ દેજે, તું પોતાના બારામાય કાય
આખતોહો?”
23 યોહાને આખ્યાં, “જેહેકોય યશાયા ભવિષ્યવક્તાયેબી લોખ્યહાં,
‘ઉજાડ જાગામાય યોહાન બોંબલીન આખહે કા પ્રભુ યેયના વાટ હિદી
કોઆ.’ ”
24 કોલહાક લોક પોરૂષી લોકહાપાઅને દોવાડલા આતા.
25 તોવે ચ્યાહાય યોહાનાલ પુછ્યાં, “જોવે તું ખ્રિસ્ત નાંય હેતો, તું
એલીયા નાંય હેતો એને તો ભવિષ્યવક્તા બી નાંય હેય, તે તું લોકહાન
બાપતિસ્મા કાહા દેતહો?”
26 યોહાને ચ્યાહાન જાવાબ દેનો, “આંય તે પાઆયાકોય તુમહાન
પાપ કોઅના બંદ કોઅરાહાટી બાપતિસ્મા દેતહાવ, બાકી તુમા જ્યાલ
વોળખેત નાંય ઓહડો યોક માઅહું તુમહે વોચમાય ઉબલો હેય.
27 ઓ તોજ હેય, જો મા પાછે યેનારો હેય, આંય તે ચ્યા ચાકાર
બોનીન ચ્યા ખાઅડા હુતળી છોડાબી લાયકે નાંય હેય.”
28 યો બોદ્યો વાતો યારદેન નોયે ચ્યેમેરે બેથાનીયા ગાવામાય બોન્યો,
તાં યોહાન લોકહાન બાપતિસ્મા દેતો આતો.

## પોરમેહેરા ગેટો

29 બીજે દિહી યોહાને ઈસુવાલ ચ્યાપાય યેતા એઇન આખ્યાં,
“એઆ, ઓ પોરમેહેરા ગેટો હેય, જો દુનિયા લોકહા પાપ દુઉ કોઅહે.

30 ઓ તોજ હેય, જયા બારામાય માયે આખ્યેલ કા, મા પાછે યોક
યેનારો હેય, જો મા કોઅતો મહાન હેય, કાહાકા તો મા કોઅતો પેલ્લો
આતો.
31 એને આંય તે ચ્યાલ નાંય વોળાખતો આતો કા તો ખ્રિસ્ત હેય,
બાકી ઈસરાયેલ લોકહાન ઈ આખાહાટી કા તો કું હેય, આંય પાઅયા
કોઇન બાપતિસ્મા દેતો યેનો."
32 યોહાને ઈ સાક્ષી દેયન આખ્યાં, "માયે પવિત્ર આત્માલ કબુતરા
રોકા આકાશામાઅને ચ્યાવોય ઉતતા એઅયા, એને ચ્યાવોય ઠોરી
ગીયા.
33 આંય ચ્યાલ નાંય વોળાખતો આતો કા તો ખ્રિસ્ત હેય, બાકી જયાંય
માન પાઅયા કોઇન બાપતિસ્મા દાંહાટી દોવાડયો, ચ્યે માન આખ્યેલ કા,
'તું પવિત્ર આત્માલ જયાવોય ઉતતો એને થોબતો એઅહે, તોજ પવિત્ર
આત્માકોય બાપતિસ્મા દેનારો હેય.'
34 માયે ઈ પોતે એઅયા એને આંય સાક્ષી દેતહાવ કા, ઓ પોરમેહેરા
પોહો હેય."

## ઈસુવા પેલ્લા શિષ્યા

35 બીજે દિહી યોહાન ચ્યા બેન શિષ્યહાઆરે ઉબો આતો.
36 ઈસુ તાં જાય રિઅલો આતો, એને ઈસુ એછે એઇન યોહાને
આખ્યાં, "એઆ, ઓ પોરમેહેરા ગેટો હેય."
37 તોવે યોહાનાલ એહેકેન આખતો વોનાઈન ચ્યા બેન શિષ્ય ઈસુવા
પાહલા જાં લાગ્યા.
38 તોવે ઈસુવે ફિરી એઇન ચ્યાહાન પાહલા યેતા દેખ્યા તોવે ચ્યાહાન
આખ્યાં, "તુમા કાલ હોદતાહા?" ચ્યાહાય ઈસુલ આખ્યાં, "ઓ
ગુરુજી*, તું કેછ રોતહો?"
39 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "ચાલા, તે એઇ લીયા." તોવે ચ્યા
ઈસુઆરે ગીયા એને તો કેછ રોહોય તીં ચ્યાહાય એઅયા એને તોદહી
ઈસુઆરે રિયા, ચ્યે સમયે લગભગ વોખાતેહે ચાર વાગલે આતેં.
40 યોહાના આખલ્યા વોનાઈન ઈસુ પાહલા જયા બેન જાંઆ
ગીઅલા આતા, ચ્યાહામાઅને યોક જાંઆ સિમોન પિત્તરા બાહા
આંદ્રિયાસ આતો.

* **1:38** રબ્બી

41 આંદ્રિયાસ પેલ્લા ચ્યા બાહા સિમોનાલ મિળ્યો એને ચ્યાલ
આખ્યાં, “આમહાન ખ્રિસ્ત એટલે મસીહા, મિળી ગીયહો.”
42 આંદ્રિયાસ સિમોનાલ ઈસુવાપાય લેય ગીયો, ઈસુવે ચ્યાએછે
એઇન આખ્યાં, “તું યોહાના પોહો સિમોન હેય, આમી પાછે તો નાંવ
કેફા મતલબ પિત્તર રોય.”

## ફિલિપ એને નતનએલાલ હાદના

43 બીજે દિહી ઈસુવે ગાલીલ ભાગા એછે જાઅના વિચાર કોઅયો,
તોવે ફિલિપ ચ્યાલ મિળ્યો, તોવે ઈસુવે ચ્યાલ આખ્યાં, “મા શિષ્ય બોન.”
44 ફિલિપ તે આંદ્રિયાસ એને પિત્તરા ગાવા બેતસાદા ગાવા રોનારો
આતો.
45 ફિલિપાલ નતનએલ મિળ્યો તોવે ચ્યાલ આખ્યાં, “આમહાન
તી માઅહું મિળ્યહા, જ્યા બારામાય મૂસા નિયમશાસ્ત્ર માય એને
ભવિષ્યવક્તાહાય લોખલાં આતા, તો નાજરેત ગાવામાઅને યોસેફા
પોહો ઈસુ હેય.”
46 નતનએલે ફિલિપાલ પુછ્યાં, “કાય કાદી હારી વસ્તુ બી નાજરેત
ગાવામાઅને નિંગી હોકતી હેય કા?” ફિલીપાય નતનએલાલ જવાબ
દેનો, “તું યેઇન એઈલે.”
47 ઈસુવે નતનએલાલ ચ્યાપાય યેતો એઇન ચ્યા બારામાય આખ્યાં,
“એઆ, ઓ હાચ્ચો ઈસરાયેલી હેય, ચ્યામાય કાયજ જુઠા નાંય મીળે.”
48 નતનએલાય ઈસુલ પુછ્યાં, “તું માન કેહેકે વોળાખતોહો?” ઈસુવે
ચ્યાલ જવાબ દેનો, ચ્યા પેલ્લા કા ફિલિપે તુલ હાદ્યો, “જોવે તું અંજીરા
જાડા તોળે આતો, તોવે તુલ માયે દેખ્યેલ.”
49 તોવે નતનએલાય ઈસુલ આખ્યાં, “ઓ ગુરુજી, તું પોરમેહેરા પોહો
હેય, તું ઈસરાયેલ દેશા મહારાજા હેય.”
50 ઈસુવે ચ્યાલ આખ્યાં, “કાય તું બોરહો યાહાટી કોઅતોહો કા માયે
તુલ ઈ આખ્યાં કા માયે તુલ અંજીરા જાડા તોળે દેખ્યો? તું યા કોઅતા
મોઠે-મોઠે કામે એઅહે.”

51 પાછે ઈસુવે ચ્યાલ આખ્યાં, “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ કા, હોરગા ઉગડી જાતા એને પોરમેહેરા હોરગા દૂતહાન
માઅહા પોહાવોય ઉતતા એને ઉચે જાતા એએહા.”

# 2

## કાના ગાવામાય વોરાડ

1 ચ્યા પાછે તીજે દિહી ગાલીલ ભાગા કાના ગાવામાય ચોક વોરાડ
આતા, ઈસુવા આયહો બી તાં આતી.
2 ઈસુ એને ચ્યા શિષ્યબી વોરાડામાય નિમંત્રિત કોઅલા આતા.
3 જોવે દારાખા રોહો પારવાઈ ગીયો તોવે ઈસુવા આયહે ચ્યાલ
આખ્યાં, “ચ્યાહાપાય દારાખા રોહો ઘોટી ગીયહો.”
4 ઈસુવે ચ્યેલ આખ્યાં, “આયા, તું માન કાહા આખતીહી? ખ્રિસ્તા
રુપામાય મા વોળાખ કોઆહાટી આજુ મા સમય નાંય યેનહો.”
5 બાકી ઈસુવા આયહે ચાકારાહાન આખ્યાં, “તો જેહે આખે તેહે
કોઆ.”
6 તાં યહૂદીયાહા ધાર્મિક નિયમા પરમાણે આથ દોવના રુડી આતી,
એહેકેન કોઅરાહાટી ચ્યાહાય દોગડા છ વેંડલે થોવલે આતેં, ચોકા
ચોકામાય બેબુન, તીતુન મણ (ચોક મણ = વિહી લીટર લગભગ)
પાઆઈ બોઆય એહેકેન ચ્યે આતેં.
7 ઈસુવે ચાકારાહાન આખ્યાં, “વેંડલાહામાય પાઆય બોઆ”
ચ્યાહાય ઉપે લોગુ બોઓઈ દેના.
8 પાછે ઈસુવે ચાકારાહાન આખ્યાં, “આમી કાડા એને ખાઅના
કારબાર્યા પાય લેય જાયા” ચ્યા લેય ગીયા.
9 એને ખાઅના કારબાર્યાય દારાખા રોહો બોની ગીઅલા પાઆય
ચાખ્યાં, આજુ ઓ દારાખા રોહો કેછને હેય તી તો નાંય જાંઅતો આતો,
બાકી જ્યા ચાકારાહાય પાઆય કાડયેલ ચ્યા જાઅતા આતા, તોવે
કારબાર્યે વોવડાલ હાદિન, ચ્યાલ આખ્યાં.
10 “કાદાબી માઅહું હારો દારાખા રોહો પેલ્લા પીયાંહાટી દેહે, જોવે
બોદા લોક દારાખા રોહો પીન મોરસાય જાતહા, તોવે બોદહાય પિદાં
પાછે ઓળકો દારાખા રોહો પિયાં દેહે, બાકી તુયે હારો દારાખા રોહો
આમી લોગુ રાખી થોવ્યહો.”

11 ઈસુય ગાલીલ ભાગા કાના ગાવામાય આ ચમત્કારહા શુરવાત
કોઇન આ મહિમા કોઅયી, એને આ શિષ્યહાય આવોય બોરહો
કોઅયો.
12 આ પાછે ઈસુ એને આ આયહો, આ બાહા, એને આ શિષ્ય
કાપરનાહુમ ગાવામાય ગીયે એને તાં વોછા દિહી રિયે.

### દેવાળામાઅને વેપાર્યાહાન બાઆ કાડના
### *(માથ્થી 21:12-13; માર્ક 11:15-17; લુક. 19:45-46)*

13 જોવે યહૂદીયાહા પાસ્કા સણા વોછા દિહી રિયા તોવે ઈસુ
યેરૂસાલેમ શેહેરામાય ગીયો.
14 દેવાળામાય એ ડોબેં, ગેટેં, એને કબુતર વેચનારાહાલ એને પોયહા
બોદલી દેનારાહાન બોઠલા દેખ્યા.
15 તોવે એ આસડેકોઈન યોક ચોપકો બોનાવ્યો, એને બોદા ડોબહાન
એને ગેટહાન દેવાળામાઅને બાઆ કાડી દેના એને પોયહા બોદલી
દેનારાહા પોયહા એ વેરી દેના, આહા ટેબાલ કોથલાડી દેના.
16 એને કબુતર વેચનારાહાલ એ આખ્યાં, "યાહાન બાઆ લેય
જાયા, એને મા આબહા દેવાળાલ આટ બાઆના ગુઉ મા બોનાવાહા."
17 તોવે આ શિષ્યહાન યાદ યેના કા એહેકોય લોખલાં હેય કા? "તો
ગોઆ ભક્તિ મા આંદાર આગડા રોકી હોલગેહે."
18 તોવે યહૂદીયાહા આગેવાનહાય આલ આખ્યાં, "તું આમહાન
કોઅહા ચિન્હ દેખાડી હોકતોહો, જયેકોય આમા ઈ જાઈ હોકજે કા
તુલ એહેકેન કોઅના ઓદિકાર હેય?"
19 ઈસુવે આહાન જાવાબ દેનો, "ઈ મંદિર તોડી પાડા, એને આંય
તીન દિહામાય પાછો બોનાવી દિહી."
20 યહૂદીયાહા આગેવાનહાય આલ આખ્યાં, "ઈ દેવાળા બાંદતા
છેંતાળી વોરહે લાગ્યેં, એને કાય તું આલ તીન દિહાહામાય બોનાવી
દેહે?"
21 બાકી ઈસુ આ શરીરાલ દેવાળા રુપામાય વાત કોઇ રિઅલો
આતો.
22 યાહાટી ઈસુવા મોઅલા માઅને પાછો જીવી ઉઠના પાછે
શિષ્યહાન આ ઈ વાત યાદ યેની. એને આહાય પવિત્રશાસ્ત્ર એને ઈસુ
આખલા વચનાવોય બોરહો કોઅયો.

### ઈસુ માઅહા મોન જાંઅહે

23 જોવે ઈસુ યેરૂસાલેમ શેહેરામાય પાસ્કા સણામાય આતો, તોવે
બોજ લોકહાય ચ્યા ચમત્કારાહાલ એઇન ચ્યાવોય બોરહો કોઅયો.
24 બાકી ઈસુય બોરહો નાંય કોઅયો કા ચ્યાહાય ઈસુવોય બોરહો
કોઅલો હેય, કાહાકા તો બોદા માઅહા મોના વિચાર જાંઅતો આતો.
25 ચ્યાલ કાદા માઅહા ગોરાજ નાંય આતી કા, માઅહા બારામાય
ચ્યાલ આખે, કાહાકા તો જાંઅતો આતો કા માઅહા મોનામાય કાય
હેય?

# 3

### ઈસુ એને નિકોદેમુસ

1 નિકોદેમુસ નાંવા યોક માટડો આતો, તો યહૂદીયાહા મોઠી સોબાચે
આગેવાન આતો, તો યોક પોરૂષી બી આતો.
2 તો રાતી ઈસુવાપાય યેનો, એને ચ્યાલ આખ્યાં કા, "ઓ ગુરુજી,
આમહાન ખોબાર હેય કા, પોરમેહેરાય તુલ આમહાન હિકાડાંહાટી
દોવાડલો હેય, કાહાકા જ્યા ચમત્કાર તું કોઅતોહો, જોવે પોરમેહેર
ચ્યાઆરે નાંય રોય તોવે ચ્યા ચમત્કાર કાદાં માઅહું નાંય દેખાડી હોકે."
3 ઈસુવે ચ્યાલ જાવાબ દેનો, "આંય તુલ હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, જોવે માઅહું પાછો જન્મો નાંય લેય તે પોરમેહેરા
રાજ્ય નાંય એઇ હોકે."
4 નિકોદેમુસે ચ્યાલ આખ્યાં, "માઅહું ડાઆયા ઓઈ ગીયા, પાછે કેહે
કોઇન જન્મો લેય હોકે? તો પાછો ચ્યા આયહે બુકામાય ઉરાઈન પાછો
જન્મો લેય હોકહે કા?"
5 ઈસુવે જવાબ દેનો, "આંય તુલ હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જોવે
માઅહું પાઅયા કોઇન એને પવિત્ર આત્માકોય જન્મો નાંય લેય તોવે તો
પોરમેહેરા રાજ્યામાય નાંય પ્રવેશ કોઅઇ હોકે.
6 કાહાકા માઅહા પાઅને જન્મો શારીરિક જન્મો હેય, એને પવિત્ર
આત્માપાઅને જન્મો તો નોવો જન્મો હેય.
7 તું નોવાય નાંય પામા જોજે, માયે તુલ આખ્યાં કા, તુલ નોવો જન્મો
લેઅના જરુરી હેય.

8 જીં માઅહું પવિત્ર આત્માકોય જોન્મુલા હેય તો વારા હારખો હેય,
વારો ગોમે તાં જાહાય, આ આવાજ તું વોનાતોહો, બાકી તો કેછને યેહે
એને કેછ જાહાય, તી તુલ ખોબાર નાંય પોડે.”
9 નિકોદેમુસે આલ પુછ્યાં, “ઈ કેહેકેન શક્ય હેય?”
10 ઈસુવે જવાબ દેનો, “તું ઈસરાયેલ લોકહા ગુરુ હેય, તુલ યો વાતો
હોમજી જાં જોજે.”
11 આંય તુલ હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, આમા જીં જાંઅજેહે
તીંજ આખજેહે, એને આમહાય જીં એઅયા આ સાક્ષી દેજહે, બાકી
આમા જીં આખજેહે આવોય તુમા બોરહો નાંય કોએત.
12 જોવે તુમહાન માયે દુનિયામાઅને વાત આખી તોવે એવોય તુમા
બોરહો નાંય કોએત, તો જોવે હોરગા બારામાય વાત આખું, તોવે
આવોય તુમા કેહેકે બોરહો કોઅહા?
13 કાદાં માઅહું હોરગામાય નાંય ગીયહા બાકી કેવળ આંય, માઅહા
પોહો હોરગામાઅને નિચે ઉતી યેનહો.
14 એને જેહેકેન મૂસાય જાડયેમાય પિતળા હાપડાલ ઉચે ચોડવ્યો,
તેહે કોઅઈન માન, માઅહા પોહાલ બી ઉચે ચોડાવના જરુરી હેય.
15 યાહાટી કા, જીં માઅહું માયેવોય બોરહો કોઅહે આલ
અનંતજીવન મિળહે.

16 “પોરમેહેરે દુનિયા લોકહાવોય ઓહડા મહાન પ્રેમ કોઅયા, યા
લીદે આ યોકને-યોક પોહાલ બલિદાન કોઇ દેનો, યાહાટી કા જીં કાદાં
માઅહું આવોય બોરહો કોઅહે, આ નાશ નાંય ઓઅય, બાકી આલ
અનંતજીવન મીળે.
17 કાહાકા પોરમેહેરે આ પોહાલ દુનિયા લોકહાવોય ડોંડ દાં નાંય
દોવાડયો, બાકી આકોય દુનિયા લોકહા તારણ કોઅરાહાટી દોવાડયો.
18 જીં માઅહું પોરમેહેરા પોહાવોય બોરહો કોઅહે, આલ ડોંડ નાંય
દી, બાકી જીં માઅહું પોરમેહેરા પોહાવોય બોરહો નાંય થોવે, તો ડોંડ
બોગવી ચુકલો હેય, કાહાકા એ પોરમેહેરા યોકને-યોક પોહાવોય બોરહો
નાંય કોઅયો.
19 એને ડોંડ દેઅના કારણ ઈંજ હેય કા, ઉજવાડો દુનિયામાય યેનો,

બાકી લોકહાય ઉજવાડા કોઅતા આંદારાલ પોસાન કોઅયા, કાહાકા
ચ્યાહા કામે ખારાબ આતેં.
20 કાહાકા જીં માઅહું ખારાબ કામ કોઅહે, તી ઉજવાડા વિરુદ
કોઅહે, એને ચ્યા ખારાબ કામહા ખોબાર નાંય પોડા જોજે યાહાટી તી
ઉજવાડામાય નાંય યેય.
21 બાકી જીં માઅહું હાચ્ચાયેવોય ચાલહે, તી ઉજવાડા પાય યેહે,
કા ચ્યા કામહા ખોબાર પોડે જયેં પોરમેહેરા ઇચ્છાકોય કોઅલે હેય.”

## ઈસુવા બારામાય યોહાન સાક્ષી

22 ચ્યા પાછે ઈસુ એને ચ્યા શિષ્ય યહૂદીયા વિસ્તારામાય યેના, એને
તો તાં ચ્યાહાઆરે રોઇન બાપતિસ્મા દાં લાગ્યો.
23 તોવે યોહાનબી એનોન ગાવામાય જીં સામરિયા ભાગા સાલેમ
ગાવા પાહાય હેય, તાં બાપતિસ્મા દેતો આતો. કાહાકા તાં બોજ પાઆઈ
આતા એને લોક ચ્યાપાય યેઇન બાપતિસ્મા લેતે આતેં.
24 કાહાકા યોહાન યે સમયે લોગુ જેલેમાય નાંય કોંડલો આતો.
25 તાં યોહાના શિષ્યહા કાદા યહૂદી માઅહા આરે યહૂદીયાહા ધાર્મિક
નિયમા પરમાણે આથ દોવના રુડી બારામાય બોલાબોલી જાયી.
26 તોવે યોહાના શિષ્યહાય યોહાનાપાય જાયને આખ્યાં, “ઓ ગુરુ,
જીં માઅહું યારદેન નોયે ચ્યેમેરે ચ્યાહા આરી આતો, જયા બારામાય તુયે
આખ્યેલ, એએ, તો આમી બાપતિસ્મા દેહે, એને બોદે ચ્યાપાય જાતહેં.”
27 યોહાને જાવાબ દેનો, “જાવ લોગુ માઅહાલ હોરગામાઅને નાંય
દેનલા જાય, તાંવ લોગુ માઅહું કાય નાંય મેળવી હોકે.
28 તુમહાય પોતે માન આખતા વોનાયાહા, આંય ખ્રિસ્ત નાંય હેતાઉ,
બાકી ચ્યા પેલ્લા દોવાડલો હેતાઉ.”
29 વોવડો વોવડી આરે વોરાડ કોઅઇ લેહે, બાકી વોવડા આર્યો જો
ચ્યાપાય ઉબો રોઇન ચ્યા આવાજ વોનાઈન આનંદ કોઅહે, તેહેકેન મા
લીદે બી આનંદાકોય બોઆય ગીયા.
30 તો બોજ મહત્વપૂર્ણ ઓઈ જાં જોજે, એને આંય વોછો મહત્વપૂર્ણ
બોનુ.
31 “જો હોરગામાઅને યેહે, તો બોદહા કોઅતો મહાન હેય, જો
દોરત્યેવોયને યેહે તો દોરત્યેવોયને હેય એને દોરતીજ વાતો કોઅહે, એને
જો હોરગામાઅને યેહે તો બોદહા ઉચે હેય.

32 જીં કાય આય એઅયા, એને વોનાલો હેય, આજ સાક્ષી દેહે,
એને બોજ વોછા લોક આ સાક્ષીવોય બોરહો કોઅતાહા.
33 બાકી જીં માઅહું આ સાક્ષી માનહે તો સાબિત કોઅહે કા,
પોરમેહેર હાચ્ચો હેય.
34 કાહાકા, જ્યાલ પોરમેહેરે દોવાડયો તો પોરમેહેરા વાત આખહે,
કાહાકા પોરમેહેર આલ બો બોદા પવિત્ર આત્મા દેહે.
35 પોરમેહેર આબહો પોહાવોય પ્રેમ કોઅહે, એને બોદ્યોજ વસ્તુ આ
તાબામાંય દેય દેનહા.
36 જીં માઅહું પોરમેહેરા પોહાવોય બોરહો કોઅહે, અનંતજીવન
આજ હેય, બાકી જીં પોરમેહેરા પોહાવોય બોરહો નાંય કોએ, આલ
અનંતજીવન નાંય મીળે, બાકી પોરમેહેરા ડોંડ આવોય બોની રોય."

# 4

## ઈસુ એને સમરૂની થેએ

1 ઈસુ યોહાના કોઅતા વોદારે શિષ્ય બોનાડીન આહાન બાપતિસ્મા
દેહે. ઈ પોરૂષી લોકહાન ખોબાર ઓઈ ગીયહી, એહેકેન જોવે પ્રભુ
ઈસુલ ખોબાર પોડયા.
2 ઈસુ પોતે નાંય બાકી આ શિષ્ય બાપતિસ્મા દેતા આતા.
3 તોવે તો યહૂદીયા ભાગ છોડીન, પાછે પોતાના શિષ્યહાઆરે પાછો
ગાલીલ ભાગા એછે જાતો રિયો.
4 એને આલ સમરૂન ભાગામાય રોઇન જાઅના જરુરી આતા.
5 યાહાટી તો સમરૂન ભાગામાઅને સુખાર ગાવામાય યેનો, જીં આ
જાગા પાહે હેય જ્યાલ યાકૂબાય આ પોહો યોસેફાલ દેનલો આતો.
6 એને યાકૂબાય ખોદ્યેલ તી વેએય બી તાંજ આતી, એને ઈસુ વાટે
ચાલતા-ચાલતા થાકી ગીયેલ તોવે તો વેઅયે વોય જાયન બોઠો, એને ઈ
વાત બોપાર સમયે જાયી.
7 એ સમયે યોક સમરૂન ભાગામાય રોનારી યોક થેએ પાઆઈ
બોઅરા યેની ઈસુવે એલ આખ્યાં, "માન પાઆઈ પાજ."
8 એ સમાયે આ શિષ્ય ગાવામાય ખાઅના વેચાતાં લાં ગીઅલા
આતા.

9 તોવે અ્યે સમરૂની થેઅયે અ્યાલ આખ્યાં, “તું યોક યહૂદી હેય, એને
આંય સમરૂની થેએ હેત્યાંવ, તે તું માપાયને પીયાંહાટી કાહા પાઆઈ
માગતોહો?” કાહાકા યહૂદી લોક સમરૂની લોકહાઆરે કોઅહોજ
વ્યવહાર નાંય રાખેત.
10 ઈસુવે અ્યેલ જાવાબ દેનો, “તું નાંય જાંએ કા પોરમેહેર તુલ કાય
દાં માગહે, એને તું નાંય જાંએ કા કું તોવોય પાઆય માગહે. જોવે તું
જાઅતી, તે તું માવોઅને અ્યાલ માગતી એને આંય તુલ પાઆય દેતો જીં
જીવન દેહે.”
11 અ્યે થેએયેય અ્યાલ આખ્યાં, “ઓ માલિક, તોપાય પાઆઈ
બોઅના હાટી કાય સાદાન નાંય હેય, એને વેએય બોજ ઉંડી હેય, તે
તુયેપાય પાઆઈ કેછને યેના જીં જીવન દેહે?
12 કાય તું આમહે વડીલ યાકૂબા કોઅતો મોઠો હેય, અ્યેજ આમહાન
ઈ વેએય દેનહી, એને અ્યે પોતે એને અ્યા પાહાહાય એને ડોબહાય
પિદાં?”
13 ઈસુવે અ્યેલ જાવાબ દેયન આખ્યાં, “જીં માઅહું યા
પાંઅયામાંઅને પિયે, તો પાછો પિહો ઓરી.
14 બાકી આંય જીં પાઆય દિહી, તાંમાઅને જીં માઅહું પીયી, તો
કાદે દિહે પિહો નાંય ઓરી, બાકી જીં પાઆઈ આંય દિહી, તો અ્યામાય
યોક ઝરો બોની જાય, જીં અ્યાલ અનંતજીવન દેઅરી.”
15 ઈ વોનાયને અ્યે થેઅયે અ્યાલ આખ્યાં, “ઓ માલિક, માન પીહી
નાંય લાગે એને નાંય પાઆઈ બોઅરાહાટી ઓલે દુઉ યા પોંડે યાહાટી
તી પાઆઈ માન દે.”
16 ઈસુવે અ્યેલ આખ્યાં, “જો, તો માટડાલ હાદી લેય યે.”
17 થેએયે જવાબ દેનો, “આંય વોગાર માટડા હેય” ઈસુય અ્યેલ
આખ્યાં, “તુયે હાચ્ચાં આખ્યાં, ‘આંય વોગાર માટડા હેય.’
18 કાહાકા તુયે પાચ માટડાહાન રાખ્યા, એને આમી હેય, તોબી તો
માટડો નાંય, ઈ તુયે હાચ્ચાં આખ્યાં.”
19 થેએયેય ઈસુલ આખ્યાં, “ઓ માલિક, આંય જાંઆઈ ગિઇ તું
ભવિષ્યવક્તા હેતો.
20 આમહે આગલ્યા ડાયહાય યાજ ડોંગાવોય ભક્તિ કોઅયી, એને

તુમા યહૂદી લોક આખતાહા કા, યેરૂસાલેમ શેહેરુજ તો જાગો હેય જાં
ભક્તિ કોઅરા જોજે.”
21 ઈસુય ચ્યેલ આખ્યાં, “ઓ બાઈ, તું મા વાતવોય બોરહો કોઓ
કા એહેકેન સમય યેય રોયહો કા તુમા યા ડોગાવોય એને યેરૂસાલેમ
શેહેરામાયબી પોરમેહેર આબહા ભક્તિ નાંય કોઇ હોકહા.
22 તુમા સમરૂની લોક જ્યાલ નાંય વોળખે ચ્યા ભક્તિ કોઅતેહે, એને
આમા યહૂદી લોક જ્યાલ જાંઅજેહે, ચ્યા ભક્તિ કોઅતેહે, કાહાકા
તારણ યહૂદીયાહા માઅને હેય.
23 બાકી તો સમય યેય રિયહો, બાકી યીજ ગીયહો, જોવે હાચ્ચાં
ભક્ત પોરમેહેર આબા ભક્તિ આત્માથી એને હાચ્ચાયેથી કોઅરી,
કાહાકા પિતા ચ્યાહાટી ઓહોડાજ ભક્તિ કોઅનારાહાન હોદહે.
24 પોરમેહેર આત્મા હેય, યાહાટી જરુરી હેય કા ચ્યા ભક્તિ
કોઅનારે આત્મા એને હાચ્ચાયેથી ભક્તિ કોએ.”
25 થેઅયેય ઈસુલ આખ્યાં, “આંય જાઅત્યાહાવ કા મસીહ જો
ખ્રિસ્ત આખાયેહે, યેનારો હેય, જોવે તો યી, તો આમહાન બોદ્યો વાતો
આખી દી.”
26 ઈસુવે ચ્યેલ આખ્યાં, “આંય જો તોઆરે બોલી રિયહો તોજ
હેતાંવ.”

## શિષ્યહા યેયના

27 ઓલહામાય ચ્યા શિષ્ય યેય ગીયા, એને ચ્યા નોવાય પામા લાગ્યા
કા તો થેએયે આરે બોલહે, બાકી કાદે નાંય પુછ્યાં, કા “તુલ કાય જોજે?”
કા “કાયલા તું ચ્યે આરે બોલતો આતો?”
28 તોવે તી થેએ વેંડલા તાંજ છોડીન ગાવામાય ગિઇ, એને લોકહાન
આખા લાગી.
29 “ઈહીં યા, માયે કોઅલા બોદા કાય આખી દેના, ચ્યા માઅહાલ
એઆ, કાય ઓજ તો ખ્રિસ્ત નાંય હેય?”
30 તોવે ચ્યે ગાવામાઅને નિંગીન ઈસુલ એઅરા ચ્યાપાય યેતે લાગ્યેં.
31 ઓલહામાય ઈસુ શિષ્ય ચ્યાલ વિનાંતી કોઅરા લાગ્યા, “ઓ
ગુરુજી, વાયજ ખાય લે.”
32 બાકી ઈસુય ચ્યાહાન આખ્યાં, “માયેપાંય ઓહડા ખાઅના હેય,
જ્યાલ તુમા નાંય જાંએત.”

33 શિષ્ય ચ્યાહામાય આખતા લાગ્યા કા, “કાય કાદો ચ્યાહાટી
ખાઅના લેય યેનલો હેય?”
34 ઈસુવે ચ્યાહાન આખ્યાં, “મા ખાઅના પોરમેહેરા મોરજી પાલન
કોઅના હેય જયેં માન દોવાડયો, એને ચ્યા કામાલ પુરાં કોઅના હેય, જીં
માન હોપલા હેય.
35 આજુ ચાર મોયના બાકી હેય, પાછે વાડણી યી, એહેકોય તુમા
આખતાહા નાંય કા? એઆ, આંય તુમહાન આખતાહાવ, તુમહે ડોળા
ઉઠાવીન રાનહાન એઆ, કા ચ્યે વાડણીહાટી પાકી ગીઅલે હેય.
36 એને પેલ્લેથીજ વાડનારે કામ કોઇ રીઅલે હેય એને ચ્યાહા મજરી
મેળવી રીઅલે હેય, એને ચ્યે યે હેય, ચ્યે ચ્યા લોકહાન બેગે કોઇ રીઅલે
હેય જયેં અનંતજીવન મેળવી.
37 કાહાકા ઈ વાત ઈહીં હાચ્ચી પોડહે કા, ‘યોક વોઅહે એને વાડહે
બિજો.’
38 જયામાય તુમહાય મેહનાત નાંય કોઅયાહાં તી રાન માયે વાડાહાટી
તુમહાન દોવાડયા. બીજહાંય મેહનાત કોઅલી હેય બાકી તુમા ચ્યા પાક
યોખઠા કોઅહા.”

## સમરૂની લોકહા બોરહો

39 માયે કોઅલા બોદા ચ્યાય માન આખ્યાં એહેકેન આખનારી થેઅયે
વોનાયને ચ્યા ગાવા બોજ સમરૂની લોકહાય ઈસુવોય બોરહો કોઅયો.
40 યાહાટી જોવે ચ્યા સમરૂનીયા ચ્યાપાય યેય પોઅચ્યા, તોવે
ચ્યાહાય ચ્યાલ રાવ્યાં કોઅયા કા, “આમહે આરે ઈહીં રોજે” એને તો
બેન દિહી તાં રિયો.
41 એને આજુ બો બોદા માઅહાય ઈસુ સંદેશના લેદે ચ્યાવોય બોરહો
કોઅયો.
42 એને ચ્યાહાય થેએયેલ આખ્યાં, “આમી આમા તો આખલ્યા કોય
નાંય બોરહો કોઅજે, કાહાકા આમા પોતે વોનાયા એને જાંઆઈ ગીયા
કા ઓ હાચ્ચોજ દુનિયા તારણારો હેય.”
43 પાછે તો બેન દિહી રોયન તાઅને આગલા ગાલીલ ભાગામાય
ગીયો.
44 કાહાકા ઈસુવે પોતેજ સાક્ષી દેનેલ કા ભવિષ્યવક્તાલ પોતા
વોતનામાય કાદો નાંય આદર કોએ.

45 જોવે તો ગાલીલ ભાગામાય યેય પોઅચ્યો તોવે ગાલીલ વિસ્તારા
માઅહાય ચ્યા સ્વાગત કોઅયા, કાહાકા જોલે કામે ચ્યાય યેરૂસાલેમ
શેહેરામાય પાસ્કા સણા દિહામાય કોઅલે તીં બોદા ચ્યાહાય એઅલા
આતા, કાહાકા ચ્યાબી સણામાય ગીઅલા આતા.

### રાજા ચાકારા પોહાલ હારાં કોઅના

46 ઈસુ પાછો ગાલીલ ભાગા કાના ગાવામાય યેનો, જાં ચ્યે પાઅયાલ
દારાખા રોહો બોનાવ્યેલ. કાપરનાહુમ ગાવામાય યોક રાજા આતો ચ્યા
ચાકારા પોહો બિમાર આતો.
47 જોવે તો ઈ વોનાયોકા ઈસુ યહૂદા વિસ્તાર માઅને ગાલીલ
ભાગામાય યેય ગીયહો તોવે તો ચ્યાપાય ગીયો એને ચ્યાલ વિનાંતી
કોઅયી કા, યેયન મા પાહાલ હારો કોઓ, કાહાકા તો મોરાં તિયારી
હેય.
48 ઈસુવે ચ્યાલ આખ્યાં, "જાવ લોગુ તુમા ચમત્કાર એને ચિન્હ નાંય
એઅહા તાંવ લોગુ તુમા બોરહો નાંય કોઅહા."
49 રાજા ચાકારે ચ્યાલ આખ્યાં, "ઓ પ્રભુ, મા પોહો મોઓઈ જાય,
ચ્યા પેલ્લા ચાલ."
50 ઈસુ ચ્યાલ આખહે, "જો, તો પોહો જીવતો રોય" તો માટડો ઈસુવા
વાત માની ગીયો એને જાતો રિયો.
51 તો આજુ વાટેમાય આતો તાંઉ ચ્યા ચાકાર ચ્યાલ મિળ્યાં ચ્યાહાય
ચ્યાલ ખોબાર દેની કા, "તો પોહો જીવતો હેય."
52 ચ્યે ચ્યાહાન પુછ્યાં, "કોઅહે સમયે તો હારો ઓઅરા લાગ્યો?"
ચ્યાહાય ચ્યાલ આખ્યાં, "કાલે બોપરેહે યોક વાગે જોરાં ઉતી ગીયા."
53 તોવે આબહો જાંઆઈ ગીયો કા ચ્યેજ સમાયે ઈસુવે ચ્યાલ
આખલા, "તો પોહો જીવતો રોય" તોવે તો એને ચ્યા ગોઆવાળહાય
બોદહાય ઈસુવોય બોરહો કોઅયો.
54 ઈસુવા ઈ બિજા ચિન્હ ચમત્કારા કામ આતા, જોવે તો યહૂદા
વિસ્તારામાઅને ગાલીલ ભાગામાય પાછો યેનો.

# 5

### આડાત્રી વોરહા બિમાર્યાલ હારાં કોઅના

1 આ પાછે યહૂદીયાહા સણ આતો, એને ઈસુ યેરૂસાલેમ શેહેરામાય
ગીયો.
2 યેરૂસાલેમ શેહેરામાય ચોક મેંડા ફાટાકે પાય પાઅયા કુંડ આતો,
હિબ્રુ ભાષામાય આલ બેથસદા આખે, એને પાચ વોટલ્યેવાળા કુંડા તાં
હેય.
3 આમાય રોગી, આંદળે, લેંગડે એને લુળે યાહા બોજ મોઠો ટોળો
પોડી રોતો આતો.
4 આ પાઆય આલના વાટ જોવતા આતા, કાહાકા કોવે-કોવે
પોરમેહેરા હોરગ્યો દૂત કુંડામાય ઉતીન પાઆય આલવી દેતો આતો,
પાઆય આલવ્યા પાછે જો કાદો પેલ્લો પાઅયામાય ઉતે આ કોઅહિબી
બિમારી ઓઅરી બાકી તો હારો ઓઈ જાતો આતો.
5 તાં ચોક માઅહું આતા તો આડાત્રી વોરહાપાઅને બિમાર આતા.
6 જોવે ઈસુવે આલ હુતલો એઇન એને બોજ વોરહાથી પોડલાં હેય
એહેકેન માલુમ જાયા તોવે આય આલ આખ્યાં, “તુલ હારાં ઓઅના
મોરજી હેય કા?”
7 બિમાર માઅહાય ઈસુલ જાવાબ દેનો “ઓ માલિક, માયેપાંય કાદા
માઅહું નાંય હેય કા જોવે પાઆય આલવી દેહે તોવે માન કુંડામાય
ઉતાડે, આંય ઉતાં કોશિશ કોઅતાહાંવ બાકી મા કોઅતો બિજો પેલ્લો
ઉતી પોડહે.
8 ઈસુવે આલ આખ્યાં, ઉઠ, તો પાથારી ઉઠાવીન ગોઓ જો.”
9 તારાત તીં માઅહું હારાં ઓઈ ગીયા એને આ પાથારી લેઈને જાં
લાગ્યો તો આરામા દિહી આતો.
10 જયેં દિહી એહેકેન જાયા તો આરામા દિહી આતો, યાહાટી
યહૂદી આગેવાન હારાં ઓઈ ગીઅલા માઅહાલ આખા લાગ્યા, “આજે
આરામા દિહી હેય, એને મૂસા નિયમાનુસાર ઠીક નાંય હેય.”
11 બાકી એ આહાન જાવાબ દેનો, “જયેં માન હારો કોઅયો આય
માન આખ્યાં, તો પાથારી લેઈને ચાલ.”
12 આહાય આલ પુછ્યાં, “તો કું હેય, જયાંય તુલ આખ્યાં, તો
પાથારી લેઈને ચાલ?”
13 બાકી જો હારો જાયલો માઅહું તો નાંય જાંઆય કા તો કું હેય,
કાહાકા બો બોદા લોક આતા આમાય ઈસુ આડવા ઓઈ ગીયેલ.

14 આ પાછે તી માઅહું ઈસુલ દેવાળા બાઆપુર મિળ્યો, તોવે આલ
આખ્યાં, “એએ, તું હારો ઓઈ ગીયો, આમીને પાપ કોઅના નાંય, કોઅહે
તે તોવોય પેલ્લા કોઅતા મોઠી આબદા તોવોય પોડી.”
15 આ માઅહાય જાયને યહૂદી આગેવાનાહાન આખી દેના કા,
“ઈસુવે માન હારો કોઅયેલ.”
16 યાહાટી યહૂદીયાહા આગેવાન ઈસુવાલ સોતાવા લાગ્યા, કાહાકા
તો આરામા દિહી ઓહડે કામ કોઅહે.
17 બાકી ઈસુવે આહાન આખ્યાં, “મા આબો પોરમેહેર સાદા કામ
કોઅહે, એને માન બી કામ કોઅરા જોજે.”
18 ઈસુય એહેકોય આખ્યાં આહાટી યહૂદી આગેવાન આલ માઆઇ
ટાકાં કોશિશ કોઅરા લાગ્યા, કાહાકા તો આરામા દિહી નાંય પાળે
ઓલહાંજ નાંય, બાકી પોરમેહેરાલ મા આબો આખીન, આંય પોતે
પોરમેહેરા રોકો હેતાંવ એહેકેન આખતો આતો.

## પોહા ઓદિકાર

19 તોવે ઈસુવે આહાન આખ્યાં, “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, પોહો પોતે કાય નાંય કોઅય હોકે, તો કેવળ તીંજ કોઇ
હોકહે, તો તીંજ કોઅહે, જીં તો આબહાલ કોઅતો એએહે, કાહાકા
જીં કાય આબહો કોઅહે, તીંજ પોહોબી કોઅહે.
20 કાહાકા આબહો પાહાલ પ્રેમ કોઅહે એને પોતે જીં કોઅહે તીં
બોદા પોહાલ દેખાડેહે, એને તો યા કોઅતા આજુ મોઠા કામ પોહાલ
દેખાડી, કા આહાટી તુમહાન નોવાય લાગી.
21 કાહાકા જેહેકેન આબહો મોઅલા લોકહાન જીવતો કોઅહે,
તેહેકેન પોહોબી આ મોરજી પરમાણે મોઅલા લોકહાન જીવતા કોઅહે.
22 એને આબહો કાદા ન્યાય નાંય કોએ, બાકી ન્યાય કોઅના બોદા
કામ પોહાલ હોઅપી દેનલા હેય.
23 યાહાટી બોદા લોકહાન જેહેકેન આબહા આદર કોઅતેહે, તેહેકેન
પોહા બી આદર કોઅરા જોજે, જો પોહા આદર નાંય કોએ, તો આબહા
જ્યાંય પોહાલ દોવાડયોહો, આદર નાંય કોએત.
24 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જીં માઅહું મા
વચન વોનાયેહે એને માન દોવાડયોહો આ પોરમેહેરાવોય બોરહો
કોઅહે, અનંતજીવન આલ મિળી ગીયહા, આલ ડોંડ નાંય દી,

બાકી અનંતકાળના મોરણા માઅને બોચી ગીયહો એને પેલ્લો
અનંતજીવનામાય જાય હોકહયો."
25 "આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ કા, ઓહડો સમય
યી રોયહો, બાકી યેય ગીયહો, જોલે મોઅલે માઅહે પોરમેહેરા પોહા
આવાજ વોનાઈ, એને જયેં વોનાઈ ચ્યે જીવતે ઓઈ જાય.
26 કાહાકા જેહેકેન આબહો પોતાનામાય જીવન રાખહે, તેહેકેન
ચ્યાય પોહાલ બી ઓદિકાર દેનહો કા પોતાનામાય જીવન રાખે.
27 બાકી પોહાલ બોદા લોકહાવોય ન્યાય કોઅના બી ઓદિકાર દેનલો
હેય, યાહાટી કા તો માઅહા પોહો હેય.
28 ઈ વોનાયને તુમહાન નોવાય નાંય લાગા જોજે, કાહાકા ઓહડો
સમય યી રોયહો, કા જોલે મોઅઇ ગીઅલે હેય, પોહા આવાજ વોનાયને
જીવતે ઉઠી.
29 જયાહાય હારાં જીવન જીવ્યા ઓરી, ચ્યે અનંતજીવન
મિળવાહાટી મોઅલા માઅને પાછા જીવી ઉઠી, એને જયાહાય ખારાબ
જીવન જીવ્યા ઓરી ચ્યે શિક્ષા બોગવાહાટી પાછે જીવી ઉઠી."

## ઈસુવા બારામાય સાક્ષી

30 "આંય પોતે કાય નાંય કોઇ હોકતાહાવ, આંય લોકહા ન્યાય
તેહેકેન કોઅતાહાંવ, જેહેકેન પોરમેહેર આબો માન ચ્યાહા ન્યાય કોઅરા
આખહે, એને મા ન્યાય હાચ્ચો હેય, કાહાકા આંય મા મોરજયેકોય નાંય
ન્યાય કોઉ, બાકી મા દોવાડનારા મોરજયેકોય કોઅહુ.
31 જોવે આંય પોતા બારામાય સાક્ષી આખું, તોવે મા સાક્ષી હાચ્ચી
નાંય હેય.
32 બાકી યોક બિજો હેય તો મા સાક્ષી દેહે, એને આંય જાઅતાહુ કા
મા બારામાય તો જીં સાક્ષી દેહે, તી હાચ્ચી હેય.
33 તુમહાય યોહાન બાપતિસ્મા દેનારા પાય તુમહે લોકહાન પુછા
દોવાડયા, એને ચ્યાય હાચ્ચી સાક્ષી દેની.
34 બાકી માન કાદા માઅહા સાક્ષી ગોરાજ નાંય હેય, તેરુંબી માયે
તુમહાન ચ્યા સાક્ષી બારામાય આખલા હેય, જીં યોહાન બાપતિસ્મા
દેનારાય આખલી આતી, યાહાટી કા તુમા તારણ મેળવી હોકા.

35 યોહાન બોળતો એને ચોમાકતા દિવા રોકો આતો, એને તુમહાન
કોલહાક વાઆ લોગુ ચ્યા ઉજવાડામાય આનંદ કોઅના હારાં ગોમ્યા.
36 બાકી માયેપાંય યોહાના સાક્ષી કોઅતી મોઠી સાક્ષી હેય, જીં કામ
આબહે માન પુરાં કોઅરાહાટી દેનહા, તીંજ કામ જીં આંય કોઅહુ મા
બારામાય સાક્ષી દેહે, કા આબહે માન દોવાડલો હેય.
37 એને આબહે જ્યાંય માન દોવાડયોહો, ચ્યેજ આબહે મા સાક્ષી
દેનહી, તુમા નાંય કોઇ દિહી ચ્યા આવાજ વોનાયા, એને નાંય ચ્યાલ
હામ્મે-હામ્મે એઅયોહો.
38 એને તુમા ચ્યા વચન તુમહે મોનામાય વોહતી નાંય કોઅરા દેત,
કાહાકા તુમા માયેવોય બોરહો નાંય કોએત, જ્યાલ ચ્યાય દોવાડયોહો.
39 પવિત્રશાસ્ત્રા અભ્યાસ કોઅતાહા, કાહાકા તુમા એહેકેન બોરહો
કોઅતાહા કા ચ્યામાય તુમહાન અનંતજીવન મિળી, એને તીંજ
પવિત્રશાસ્ત્ર મા બારામાય સાક્ષી દેહે.
40 તેરુંબી તુમા અનંતજીવન મિળવાહાટી માયેપાંય યા નાંય માગેત.
41 આંય માઅહા પાયને વાહવા આશા નાંય કોઉ.
42 બાકી કા આંય તુમહાન જાંઅતાહાંવ તુમા મોનામાય
પોરમેહેરાવોય પ્રેમ નાંય કોએત.
43 આંય મા આબહા ઓદિકારાહાતે યેનહો, એને તુમા માન નાંય
સ્વીકાર કોએ, બાકી જોવે બિજો કાદો પોતા ઓદિકારાકોય યેય તોવે
ચ્યાલ તુમા સ્વીકાર કોઇ લાહા.
44 તુમા માયેવોય બોરહો નાંય કોઇ હોકે, કાહાકા તુમા યોકબીજા
પાયને માન હોદતાહા, એને તુમા યોકુજ પોરમેહેરા પાયને માન મિળવા
કોશિશ નાંય કોએત.
45 તુમા એહેકેન મા હોમજાહા કા આંય આબા હોમ્મે તુમહાવોય
દોષ થોવહી, મૂસા નિયમશાસ્ત્ર, જ્યાવોય તુમહાય આશા રાખીહી,
તુમહાવોય દોષ થોવી.
46 કાહાકા જો તુમા મૂસાવોય બોરહો કોઅતા તે માયેવોય બી બોરહો
કોઅતા, કાહાકા ચ્યે મા બારામાય લોખ્યહાં.
47 બાકી જો તુમા મૂસા નિયમશાસ્ત્રાવોય બોરહો નાંય કોએ, તે તુમા
નોક્કી માયેવોય બોરહો કેહેકે કોઅહા?”

# 6

## પાચ ઓજાર લોકહાન ખ્હાવાડના
## (માથ્થી *14:13-21;* માર્ક *6:30-44;* લુક. *9:10-17)*

1 યો વાતો જાયો પાછે ઈસુ ગાલીલ દોરિયા એટલે તીબીરીયાસ
દોરિયા એમેરે ગીયો.
2 યોક મોઠી ગીરદી આ પાહલા ચાલી, કાહાકા જ્યા નોવાયે ચમત્કાર
તો બિમાર્યાહાવોય કોઅતો આતો, એ આહાન એઅતે આતેં.
3 તોવે ઈસુ ડોગાવોય ચોડીન આ શિષ્યહાઆરે તાં બોઠો.
4 એને યહૂદીયાહા પાસ્કા સણા વોછા દિહી બાકી આતા.
5 તોવે ઈસુવે નોજાર કોઅયી કા આપાય બોજ માઅહા ટોળો યેતો
દેખ્યો, એને એ ફિલિપાલ પુછ્યાં, "યે બોદે ખાય હોકે આહાટી આપા
કેછને બાખે વેચાત્યો લેય યાહુ?"
6 ઈસુય આ પરીક્ષા કોઅરાહાટી એહેકોય આખ્યાં, કાહાકા તો પોતે
જાંઅતો આતો કા તો કાય કોઅરી.
7 ફિલિપે જાવાબ દેનો, "આહામાઅને બોદહાલ વોછા-વોછા દેય
તેરુંબી બોસો દીનારા (૨૦૦ દીનાર એટલે બેન હોવ દિહાહા કાંબારાં)
બાખે આહાન નાંય ફુગી."
8 આ શિષ્યહા માઅને સિમોન પિત્તરા બાહા આંદ્રિયાસાય ઈસુલ
આખ્યાં.
9 "ઈહીં યોક પોહો હેય, આપાય પાચ જુવાયે બાખે એને બેન માછલે
હેય બાકી ઓલા લોકહાન ઈ કેહેકે ફુગી?"
10 તોવે ઈસુવે આખ્યાં, "માઅહાન બોહતા કોઆ" આ જાગામાય
બોજ ગાહીયા આતા, તોવે માઅહે ગાહીયાવોય બોહી ગીયે,
આહામાય માટડા આસરે પાચ ઓજાર આતા.
11 તોવે ઈસુવે આ પાચ બાખ્યો લેદ્યો, એને આભાર માનીન
ગાહીયાવોય બોઠલા લોકહાન વાટી દેન્યો, તેહેકોઈન માછલે જોલા
માગેત તોલા આહાન વાટી દેના.
12 જોવે એ ખાયન દારાઈ ગીયે, પાછે ઈસુવે આ શિષ્યહાન આખ્યાં,
"ઉગારલા કુટકા યોખઠા કોઆ, કા કાય નોકામ્યા નાંય ઓઈ જાય."

13 યાહાટી ચ્યાહાય યોખઠા કોઅયા, તોવે પાચ બાખહી માઅને
ઉગારલા કુટકાહા બાર ટોપલ્યો બોઆયો.
14 લોકહાય ઓ ચમત્કાર એઇન આખ્યાં, "દુનિયામાય જો
ભવિષ્યવક્તા યેનારો હેય તો નોક્કી ઓજ હેય."
15 ઈસુ જાંઆઈ ગીયો કા ચ્યાલ રાજા બોનાવાહાટી ચ્યે માઅહે
દોઅરાં કોએત, તોવે તો પાછો ડોગાવોય યોખલોજ જાતો રિયો.

## ઈસુવા પાઅયાવોય ચાલના
*(માથ્થી 14:22-27; માર્ક 6:45-52)*

16 જોવે રુવાળા પોડી ગીયા, તોવે ચ્યા શિષ્ય દોરિયા મેરે ગીયા.
17 એને ઉડીમાય ચોડીન દોરિયા ચ્યેમેરે કાપરનાહુમ ગાવા એછે
જાં લાગ્યા. ચ્યે સમયે આંદારાં પોડી ગીયા, એને ઈસુ આજુ લોગુ
ચ્યાહાપાય નાંય યેનલો આતો.
18 એને તોફાના લીદે દોરિયામાય લાફા ઉસળા લાગ્યા.
19 તોવે જોવે ચ્યા તીન ચાર મીલ (૫ કિલોમીટર લગભગ) ગીયા
ઓરી, તોવે ચ્યાહાય ઈસુવાલ દોરીયાવોય ચાલતો એને ઉડી એછે યેતો
દેખ્યો, એને ચ્યા બિઇ ગીયા.
20 બાકી ઈસુવે ચ્યાહાન આખ્યાં, "આંય ઈસુ હેતાઉ, બીયહા મા."
21 ચ્યા ચ્યાલ ઉડીમાય લાં કોએત ઓલહામાય ઉડી તારાત મેરે યેય
ગિઇ, જાં ચ્યા જાતા આતા.

## લોકહા ઈસુવાલ હોદના

22 બીજે દિહે જયેં માઅહે દોરિયા ચ્યેમેરે ઉબલે આતેં ચ્યાહાય ઈ
એઅયા, ઈહીં યોક ઉડી સિવાય બીજી ઉડી નાંય આતી, એને ઈસુ
ચ્યા શિષ્યહાઆરે ઉડીમાય નાંય ચોડયેલ, બાકી સિવાય ચ્યા શિષ્યજ
ગીઅલા આતા.
23 તોવે આજુ વાહને ઉડયે તીબીરીયાસા ચ્યા જાગા પાહી યેને, જાં
ચ્યાહાય પ્રભુ આભાર માન્યા પાછે બાખે ખાદેલ.
24 જોવે ગીરદ્યે એઅયા, કા ઈહીં ઈસુ બી નાંય હેય, એને ચ્યા
શિષ્યબી નાંય હેય, તોવે ચ્યે માઅહેબી વાહની-વાહની ઉડયેહેમાય
બોહીન, ઈસુવાલ હોદા કાપરનાહુમ ગાવામાય પોઅચ્યે.

## ઈસુ જીવના બાખે

25 એને દોરિયા ચ્યેમેરે તો મિળ્યો તોવે ચ્યાહાય ચ્યાલ પુછ્યાં, "ઓ
ગુરુ, તું ઈહીં કોવે યેનો?"
26 ઈસુવે ચ્યાહાન જવાબ દેનો કા, "આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, તુમહાય ચમત્કાર એએયો ચ્યાહાટી નાંય, બાકી બાખે
ખાયન દારાઈ ગીયે ચ્યાહાટી તુમા માન હોદતેહેં.
27 જીં ખાઅના બોગડી જાહે ચ્યાહાટી મેહનાત મા કોઅહા, બાકી
જીં ખાઅના અનંતજીવના લોગુ ટોકનારા હેય ચ્યાહાટી મેહનાત કોઆ.
તી તુમહાન માઅહા પોહો દી, કાહાકા પોરમેહેર આબહે ચ્યાલ એહેકેન
કોઅના ઓદિકાર દેનલો હેય."
28 ચ્યાહાય ઈસુલ પુછ્યાં, "પોરમેહેરા કામ કોઅરાહાટી આમહાય
કાય કોઅરા જોજે?"
29 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, પોરમેહેરા મોરજી ઈ હેય, કા
"પોરમેહેરાય જ્યાલ દોવાડયોહો, ચ્યાવોય તુમહાય બોરહો કોઅરા
જોજે."
30 તોવે ચ્યાહાય ઈસુલ પુછ્યાં, "તું કાય ચિન્હ દેખાડતોહો કા તી
એઇન તોવોય આમા બોરહો કોઅજે? તું કોઅહા કામ દેખાડતોહો?
31 આપહે આગલ્યા ડાયહાય ઉજાડ જાગામાય બાખે (માન્ના) ખાદી,
એહેકેન લોખલાં હેય કા મૂસાય ચ્યાહાન હોરગામાઅને બાખે દેની."
32 તોવે ઈસુવે આખ્યાં, "આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ,
મૂસાય તુમહાન હોરગામાઅને બાખે નાંય દેની, બાકી મા આબહો
તુમહાન હાચ્ચી હોરગામાઅને બાખે દેહે.
33 કાહાકા જીં બાખે હોરગામાઅને યેહે એને દુનિયા લોકહાન જીવન
દેહે, તીજ પોરમેહેરા બાખે હેય."
34 તોવે ચ્યાહાય આખ્યાં, "ઓ પ્રભુ, ઈ બાખે આમહાન કાયામ
દેજે."
35 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "જીં બાખે જીવન દેહે તી આંય હેતાઉ,
જો કાદો માયેપાંય યેહે તો કોદહીજ બુખો નાંય ઓઅઇ, એને જો કાદો
માયેવોય બોરહો કોઅહે તો કોદહીજ પીહ્યો નાંય ઓઅઇ.

36 બાકી માયે તુમહાન પેલ્લા આખલા આતા, તુમહાય માન એઅયા
પાછે બી બોરહો નાંય કોએત.
37 આબહે માન જ્યા લોક દેનહા, ચ્યા બોદા માયેપાંય યી, એને જો
માઅહું માયેપાંય યી ચ્યાલ આંય નાંય કાડહીં.
38 કાહાકા આંય મા મોરજી પુરી કોઅરાહાટી નાંય, બાકી જ્યેં માન
દોવાડયોહો ચ્યા મોરજી પુરી કોઅરાહાટી હોરગામાઅને યેનહો.
39 એને માન દોવાડનારા મોરજી ઈ હેય કા, ચ્યે માન બોદા કાય દેનહા,
ચ્યામાઅને કાયબી ટાકાય નાંય, બાકી છેલ્લે દિહી આંય જીવતો કોઉ.
40 કા ઈજ મા આબહા મોરજી હેય, કા જો માઅહું પોહાલ એએ
એને ચ્યાવોય બોરહો કોએ તો અનંતજીવન મિળવે, એને ચ્યાલ આંય
છેલ્લે દિહે જીવતો ઉઠાડીહી.”

41 ઈસુવે એહેકેન આખ્યેલ કા, “આંય હોરગામાઅને ઉતી યેનલી
બાખે હેતાઉ, ચ્યાહાટી યહૂદીયા ટુટારતા લાગ્યા.”
42 એને ચ્યાહાય આખ્યાં, “ઓ યોસેફા પોહો ઈસુ હેય કા નાંય, ચ્યા
આયહે-આબહાલ આપા વોળાખજેહે? તોવે તો એહેકેન કાહા આખહે
કા આંય હોરગામાઅને યેનહો?”
43 ઈસુવે જવાબ દેનો, “તુમા તુમહામાય કુરકુર મા કોઅહા.
44 કાદો માયેપાંય નાંય યેય હોકે, જાવ લોગુ આબહો, જ્યાંય માન
દોવાડયો, ચ્યાલ મા એછે ખેચી નાંય લેય, એને આંય છેલ્લે દિહે પાછો
જીવતો કોઅહી.
45 ભવિષ્યવક્તાહા લેખ માય એહેકેન લોખલાં હેય કા, ચ્યે બોદે
પોરમેહેરાપાઅને હિકાડલે રોય. જો કાદાં પોરમેહેર આબહા પાઅને
વોનાલા એને હિકલાં હેય, તીંજ માયેપાંય યેહે.
46 કાદાય પોરમેહેર આબહાલ નાંય દેખહયો, બાકી જો
પોરમેહેરાપાઅને યેનહો, ચ્યાય પોરમેહેર આબહાલ દેખ્યહો.
47 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ કા જો કાદો બોરહો
કોઅહે, ચ્યાલ અનંતજીવન મિળલા હેય.
48 જો બાખે જીવન દેહે તી આંય હેતાઉ.
49 તુમહે આગલ્યા ડાયહાય ઉજાડ જાગામાય માન્ના ખાદાં એને
મોઓઈ ગીયા.

50 બાકી હોરગામાઅને યેનલી બાખે ઓહડી હેય કા તી જોવે કાદો
ખાય તે તો નાંય મોએ.
51 જીવના બાખે જીં હોરગામાઅને ઉતી યેનલી હેય તી આંય હેય.
યે બાખ્યેમાઅને જોવે કાદો ખાય, તો સદાકાળ જીવી, એને જીં બાખે
આંય દિહી તી દુનિયા લોકહા જીવનાહાટી મા શરીર હેય."

52 તોવે યહૂદી આગેવાન, ચ્યાહા ચ્યાહામાય બોજ બોલાબોલી
કોઅતા લાગ્યા, એને ચ્યાહાય આખ્યાં, "ઈ માઅહું કેહેકેન આમહાન
ચ્યા શરીર ખાં દી હોકહે?"
53 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, "આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ કા, જોવે તુમા માઅહા પોહા શરીર નાંય ખાહા એને ચ્યા
લોય નાંય પીયહા તોવે તુમહેમાય જીવન નાંય રોય.
54 બાકી જીં માઅહું મા શરીર ખાહે, એને મા લોય પીઅરી, ચ્યાલ
અનંતજીવન મિળી ગીયહા એને ચ્યાલ આંય છેલ્લે દિહે પાછો જીવતો
કોઅહી.
55 કાહાકા મા શરીર હાચ્ચાં ખાઅના હેય એને મા લોય હાચ્ચાં
પિઅના હેય.
56 જીં માઅહું મા શરીર ખાહાય એને મા લોય પીઅરી તો માંયેમાય
રોહોય એને આંય ચ્યામાય રોહુ.
57 જેહેકેન જીવતા આબહે માન દોવાડયોહો એને આંય આબહા લેદે
જીવતો હેતાંવ, તેહેકેન તોબી જો મા શરીર ખાહે તો મા લેદે જીવતો રોય.
58 ઈ બાખે તીજ હેય, જીં હોરગામાઅને યેનલી હેય, જેહેકેન તુમહે
આગલ્યા ડાયહાય ખાદી એને ચ્યા મોઅઇ ગીયા, તોહડી બાખે નાંય, ઈ
બાખે જીં માઅહું ખાય, તો સાદા જીવતો રોય."
59 ઈસુ કાપરનાહુમ ગાવામાય ચ્યાહાન ચોક સોબાયે ઠિકાણે હિકાડે
તોવે ચ્યાહાન એહેકેન આખ્યાં.

## અનંતજીવના વચન

60 તોવે ચ્યા શિષ્યહા માઅને બો બોદહાય ઈ વોનાયને આખ્યાં, "ઈ
વાત કોઠાણ હેય, ઈ કું માની હોકહે?"

61 ઈસુય મોનામાય ઈ જાંઅયા કા ચ્યા શિષ્ય એહેકેન ટુટરીયા
કોઅતાહા એને ચ્યે ચ્યાહાન આખ્યાં, "કાય ઈ તુમહાન માયેવોય બોરહો
કોઅરા રોકહે?
62 એને જોવે તુમા માઅહા પોહાલ જાં તો પેલ્લો આતો તાં ઉચે ચ્યાલ
પાછો જાતો એઅહા, તોવે કાય ઓઅરી?
63 આત્મા જીવન દેહે, શરીરાકોય કાય ફાયદો નાંય. જ્યો વાતો માયે
તુમહાન આખ્યો તી આત્મા હેય, એને જીવન બી હેય.
64 બાકી તુમહેમાઅને કોલાહાક એહેકેન હેય જ્યા ચ્યાવોય બોરહો
નાંય કોએત," કાહાકા ઈસુ ઈ જાંઅતો આતો કા જ્યેં બોરહો નાંય
કોએત, ચ્યે કું હેય, એને કું માન દોઅવાડી દી.
65 એને ચ્યે આખ્યાં, "યાહાટી માયે તુમહાન આખ્યેલ કા જાવ લોગુ
કાદા માઅહાલ પોરમેહેરાપાઅને ઈ વરદાન નાંય દી હોકે, તાંવ લોગુ તી
માયેપાંય નાંય યી હોકે."

## પિત્તરા બોરહો

66 ચ્યા પાછે ઈસુ શિષ્યહા માઅને બોજ શિષ્ય પાછાડી ઓટી ગીયા,
એને ચ્યાલ છોડીન જાતા રિયા.
67 તોવે ઈસુવે બાર શિષ્યહાન આખ્યાં, "તુમાબી છોડીન જાતા રા
કોઅતા કા?"
68 સિમોન પિત્તરે ચ્યાલ જાવાબ દેનો, "ઓ પ્રભુ, આમા કા પાય
જાજે? અનંતજીવના વાતો તોપાય હેય.
69 એને આમા બોરહો કોઅજેહે એને જાંઆઈ ગીયા કા પોરમેહેરા
પવિત્ર માઅહું તુંજ હેય."
70 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, "માયે તુમહાન બાર જાંણહાન
નિવડી લેદા નાંય કા? તેરુંબી તુમહામાઅને યોક માઅહું સૈતાના
તાબામાંય હેય."
71 ઈ ચ્યાય તો સિમોના પોહો યહૂદા ઇસ્કારીયોતા બારામાય આખ્યાં,
કાહાકા તો બાર શિષ્યહા માઅને યોક આતો, તો ઈસુલ દોઅઇ દેનારો
આતો.

# 7

## ઈસુ એને ચ્યા બાહા

1 ચ્યા પાછે ઈસુ ગાલીલ ભાગામાય ફિરતો રિયો, કાહાકા યહૂદી
આગેવાન ચ્યાલ માઆઇ ટાકાં હોદેત, યાહાટી ચ્યાય યહૂદા વિસ્તારમાય
ફિરા વિચાર નાંય કોઅયો.
2 આમી યહૂદીયાહા માંડવા સણ પાહાય આતો,
3 યાહાટી ચ્યા બાહાહાય ચ્યાલ આખ્યાં, "ઇહિને યહૂદીયા
વિસ્તારમાય જો, કા જીં કામ તું કોઅતોહો, તી તો શિષ્યહાય બી એઅરા
જોજે.
4 જોવે તો એહેકેન ઇચ્છા હેય કા લોક તો બારામાય જાંએ, તો તુલ
બોદહા હામ્મે કામહાલ કોઅરા જોજે, જો તું ઈ કામ કોઅતોહો, તો
પોતાલ દુનિયામાય પ્રગટ કોઇ દે."
5 કાહાકા ચ્યા બાહા બી ચ્યાવોય બોરહો નાંય કોઅતા આતા.
6 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "આજુ મા સમય નાંય યેનહો, બાકી
તુમહેહાટી બોદો સમય યોગ્ય હેય.
7 દુનિયા લોક તુમહેઆરે આડાઇ નાંય કોઇ હોકે, બાકી મા આરે
આડાઇ કોઅતેહે, કાહાકા આંય ચ્યાહા વિરુદ સાક્ષી દેતહાવ કા ચ્યાહા
કામે ખારાબ હેય.
8 તુમા સણામાય જાયા, આંય આમી નાંય જાવ, કાહાકા આજુ મા
સમય નાંય યેનહો."
9 તો ચ્યાહાઆરે વાતો કોઇન ગાલીલ ભાગામાય રોય ગીયો.

## માંડવા સણામાય ઈસુ

10 બાકી ચ્યા બાહા સણામાય ગીયા, તોવે તોબી ખુલ્લી રીતે નાંય,
બાકી ગુપ્તમાય ગીયો.
11 યહૂદી આગેવાન સણા દિહામાય ચ્યાલ હોદેત એને ચ્યા આખે,
"એલો કેછ હેય?"
12 એને લોકહા ટોળામાય ચ્યા બારામાય દૂરે-દૂરે બોજ વાતો કોઅયો,
કોલહાક લોક આખતા આતા, "તો હારો માઅહું હેય" એને કોલહાક
આખતા આતા, "નાંય, તો લોકહાન છેતરેહે."

13 તેરુંબી યહૂદી આગેવાનહા દાકે કાદાં માઅહું ચ્યા બારામાય ખુલ્લી
રીતે નાંય બોલે.

## સણામાય ઈસુવા હિકાડના

14 એને સણા આરદા દિહી પારવાઈ ગીયા તોવે ઈસુ દેવાળામાય
જાયને હિકાડતો લાગ્યો.
15 તોવે યહૂદી આગેવાનહાય નોવાય પામીન આખ્યાં, “તો
પવિત્રશાસ્ત્ર માઅને કોદહી નાંય હિક્યહો તે કેહેકેન આવડી ગીયા.”
16 તોવે ઈસુવે જાવાબ દેનો કા, “મા શિક્ષણ મા નાંય હેય, બાકી
પોરમેહેરા હેય, જ્યાંય માન દોવાડયો.
17 જો કાદાં માઅહું ચ્યા ઇચ્છા પુરી કોઅરા માગહે તોવે ચ્યાલ
ખોબાર પોડી કા મા શિક્ષણ પોરમેહેરા પાયને હેય કા પોતા કોઇન
આખતાહાવ.
18 જીં માઅહું પોતા કોઇન આખહે, તો પોતા વાહાવા કોઆડેહે,
બાકી જીં માઅહું ચ્યાલ દોવાડનારા વાહવા કોઅહે તોજ ઈમાનદાર હેય
એને ચ્યામાય કાય લુચ્ચાઈ નાંય હેય.
19 કાય મૂસાએ તુમહાન નિયમશાસ્ત્ર નાંય દેનહો કા? તેરુંબી
તુમહામાઅને કાદો નિયમ નાંય પાળે, તો તુમા માન કાહા માઆઇ ટાકાં
હોદતાહા?”
20 લોકહાય ચ્યાલ જાવાબ દેનો, “તુલ બુત વોળાગલો હેય, તુલ કું
માઆઇ ટાકાં હોદહે?”
21 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, “માયે યોક ચમત્કાર કોઅયા, એને
તુમહાન બોદહાન ચ્યા નોવાય લાગી.
22 મૂસાયે તુમહાન સુન્નત કોઅના આગના દેનલી હેય, એને તુમા
આરામા દિહી માઅહા સુન્નત કોઅતાહા. તી આગના મૂસા નાંય હેય,
બાકી આગલ્યા ડાયહા પાઅને ચાલતી યેનલી હેય.
23 જોવે મૂસા નિયમશાસ્ત્ર નાંય તોડાં હાટી તુમા આરામા દિહે
માઅહા સુન્નત કોઅતાહા, તે માયે આરામા દિહે યોક માઅહાલ હારો
કોઅયો, યાહાટી તુમા કાહા ખિજવાઈ ગીયા?
24 મું એઇન ન્યાય નાંય કોઅતા, બાકી યોગ્ય ન્યાય કોઆ.”

## કાય ઈસુ ખ્રિસ્ત હેય?

25 કોલાહાક યેરૂસાલેમ શેહેરાવાળા આખે, “કાય ઓ તો નાંય હેય
યહૂદી આગેવાન માઆઇ ટાકાં કોશિશ કોઅતાહા?
26 બાકી એઆ, તો તે બોદહા હોમ્મે વાતો કોઇ રિઅલો હેય, એને
કાદો ચ્યાલ કાય નાંય આખે, એને આગેવાન લોકહાન ખાત્રી જાયી કા
ઓજ ખ્રિસ્ત હેય?
27 યાલ તે આમા વોળાખજેહે, ઓ કેછને હેય, બાકી ખ્રિસ્ત જોવે
યી, તો કાદો નાંય જાઅરી કા તો કેછને હેય?”
28 તોવે ઈસુવે દેવાળામાય હિકાડતા મોઠેરે બોંબલીન આખ્યાં, “તુમા
માન વોળાખતાહા એને ઈ બી જાંઅતાહા કા આંય કેછને હેતાઉ. બાકી
આંય પોતા કોઓઇ નાંય યેનહો, બાકી જ્યેં માન દોવાડયોહો તો હાચ્ચો
હેય ચ્યાલ તુમા નાંય વોળખે.
29 બાકી આંય ચ્યાલ વોળાખતાહાવ, કાહાકા આંય ચ્યાપાઅને
યેનહો એને ચ્યે માન દોવાડયોહો.”
30 યાહાટી યહૂદી આગેવાન ચ્યાલ દોઅરાં કોએત, બાકી તેરુંબી કાદે
ચ્યાલ આથ નાંય લાવ્યો, કાહાકા આજુ લોગુ ચ્યા સમય નાંય યેનેલ.
31 એને લોકહા ગીરદીમાઅને બોજ જાઅહાય ચ્યાવોય બોરહો
કોઅયો, એને આખા લાગ્યા, “ખ્રિસ્ત જોવે યી તોવે યા કોઅતા વોદારી
ચમત્કાર કોઇ દેખાડી કા જ્યેં યાય દેખાડયે?”

## ઈસુવાલ દોઅના

32 પોરૂષીયાહાય લોકહાન ચ્યા બારામાય યો વાતો દૂરે-દૂરે કોઅતા
વોનાયા, એને મુખ્ય યાજક એને પોરૂષીયાહાય દોઅરાંહાટી દેવાળા
રાખવાળ્યા દોવાડયા.
33 તોવે ઈસુવે આખ્યાં, “આંય થોડીવાઆ લોગુ તુમહેઆરે હેતાઉ,
ચ્યા પાછે જ્યાંય માન દોવાડયો ચ્યાપાય ફિરી જાહીં.
34 તુમા માન હોદાહા બાકી આંય તુમહાન નાંય મીળહી એને આંય
જાં રોહુ તાં તુમહાન નાંય યેવાયી.”
35 તોવે યહૂદી આગેવાન યોક બીજહાન આખા લાગ્યા, “તો કેછ
જાય કા પોતે આપહાલ તો નાંય મિળી? કાય તો ગેર યહૂદી લોકહાપાંય
જાય જ્યેં યુનાની લોકહામાય રોતેહેં, એને યુનાની લોકહાનબી હિકાડી
કા?

36 તો કાય આખા માગહે કા, 'તુમા માન હોદહા, બાકી આંય તુમહાન
નાંય મીળહી, એને જાં આંય હેય, તાં તુમા નાંય યી હોકે?' "

## જીવના પાઅયા નોયો

37 પાછે સણા છેલ્લે દિહે, મતલબ મુખ્ય દિહી આતો, ઈસુ ઉબો
રોયન મોઠેરે બોંબલીન આખ્યાં, "જીં કાદા માઅહું પીહાં હેય તી માયેપાંય
યેય, એને પિયે.
38 જેહેકેન પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય, કા જો માયેવોય બોરહો
કોઅહે, ચ્યા હ્રદયા માઅને જીવના પાઅયા નોયો વોવત્યો લાગી."
39 જોવે ચ્યાય "જીવના પાઆય" આખ્યાં, તો તી પવિત્ર આત્મા
બારામાય આખી રિઅલો આતો, જ્યાલ ચ્યાવોય બોરહો કોઅનારાહાન
મિળનારા આતા, કાહાકા પવિત્ર આત્મા આજુ લોગુ નાંય ઉતલાં આતા,
કાહાકા પોરમેહેરાય આજુ લોગુ ઈસુવા મહિમા નાંય ખુલ્લી કોઅલી
આતી.
40 બાકી લોકહામાઅને કોલાહાક ઈ વાત વોનાઈન આખતા લાગ્યા,
"હાચ્ચો ઓ તો ભવિષ્યવક્તા હેય જ્યા યેયના વાટ જોવજે."
41 બીજહાંય આખ્યાં, "તો ખ્રિસ્ત હેય," બાકી કાદાય આખ્યાં,
"કાહા? કાય ખ્રિસ્ત ગાલીલ ભાગામાઅને યી?
42 પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય કા, ખ્રિસ્ત દાઉદા કુળામાઅને એને
બેથલેહેમ ગાવામાઅને યી, જાં દાઉદ રાજા રોતો આતો,"
43 એહેકોયન ઈસુ લીદે લોકહામાય કુટ પોડી ગિઇ.
44 યાહાટી કોલહાક લોક ચ્યાલ દોઅરાં કોએત, બાકી તેરુંબી કાદે
ચ્યાલ આથ નાંય લાવ્યો.
45 તોવે દેવાળા રાખવાળ્યા મુખ્ય યાજક એને પોરૂષીયાહા પાય યેના,
એને યહૂદી આગેવાનહાય આખ્યાં, "તુમા ચ્યાલ કાહા નાંય લેય યેના?"

## યહૂદી આગેવાના બોરહો

46 દેવાળા રાખવાળ્યાહાય જાવાબ દેનો, "કાદા માઅહાય કોવેજ
ઓહડયો વાતો નાંય કોઅલ્યો."
47 તોવે પોરૂષીયાહાય જાવાબ દેનો, "કાય તુમાબી છેતારાય ગીયહા?
48 રાજા કા પોરૂષીયાહા માઅને કાદોબી ચ્યાવોય બોરહો કોઅલો
હેય?

49 બાકી અે માઅહે જયેં મૂસા નિયમશાસ્ત્ર નાંય જાંએત, અ્યા
પોરમેહેરાથી સ્રાપિત હેય.”
50 નિકોદેમુસે, જો પેલ્લા રાતી ઈસુપાય યેનલો આતો, પોરૂષી
લોકહામાઅને તો આતો, અ્યે અ્યાહાન આખ્યાં.
51 કાય મા નિયમશાસ્ત્ર કાદા માઅહાલ જાવ લોગુ અ્યા વોનાયને
જાઈ નાંય લેય કા તો કાય કોઅહે, દોષ થોવહે કા?
52 અ્યાહાય અ્યાલ જાવાબ દેનો, “કાય તુંબી ગાલીલ ભાગા હેય કા?
પવિત્રશાસ્ત્રમાય હોદ એને તુલ હોમજાયી કા ગાલીલ ભાગામાઅને કાદો
ભવિષ્યવક્તા નાંય યેનારો હેય.”
53 તોવે બોદે જાંએ જયાહા અ્યાહા ગોઓ જાતે રિયે.

# 8

## વ્યબિચારીલ માફી

1 એને ઈસુ અ્યા શિષ્યહાઆરે જૈતુન ડોંગાવોય ગીયો.
2 એને બીજે દિહે હાકાળેહે પાછો દેવાળા બાઆપુર ગીયો, એને
બોજ માઅહે અ્યાપાય યેને તોવે તો બોહી ગીયો એને અ્યાહાન હિકાડતો
લાગ્યો.
3 જોવે તો બોલીજ રિઅલો તોવે મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને
પોરૂષીયાહાય ચોક થેએ વ્યબિચાર કોઅતી સાપડાઈ ગીઈલી અ્યેલ
અ્યાપાય લેય યેના, એને અ્યેલ અ્યા હોમ્મે ઉબી રાખીન, ઈસુલ આખ્યાં.
4 “ઓ ગુરુ, ઈ થેએ વ્યબિચાર કોઅતીજ સાપડાય ગીયલી હેય.
5 મૂસા નિયમશાસ્ત્ર માય મૂસાય આમહાન ઓહડી આગના દેનલી
હેય કા ઓહડી થેએયેહેન દોગડાટીન માઆઇ ટાકાં જોજે, બાકી તું કાય
આખતોહો કા આમહાય કાય કોઅરા જોજે?”
6 અ્યાહાય ઈસુ પરીક્ષા કોઅરાહાટી અ્યાલ એહેકોય પુછ્યાં, કા
અ્યાવોય દોષ થોવા કાય વાત મીળે, બાકી ઈસુ ડોંગો પોડીન આંગળીયે
કોઅઈન દોરતીવોય લોખતો લાગ્યો.
7 જોવે અ્યા પુછતા રોયા, તોવે ઈસુવે ઉબા રોઇન અ્યાહાન આખ્યાં,
“તુમહેમાય જયાંય કોદહી પાપ નાંય કોઅયાહાં તોજ પેલ્લો દોગાડ
ઠોકે.”
8 એને પાછો ડોંગો પોડીન દોરતીવોય લોખતો લાગ્યો.

9 બાકી ચ્યા ઈ વોનાઈન ડાયહા સે લેઈને વાહના પોહહા લોગુ યોકા
પાઠી યોક આમા પાપી હેય એહેકેન હોમજીન જાતા રિયા, તોવે ઈસુ
યોખલો રોય ગીયો, ચ્યે થેએયે આરે જી આજુબી તાંજ ઉબલી આતી.
10 તોવે ઈસુવે ઉબા રોયન ચ્યેલ આખ્યાં, "ઓ બાઈ, ચ્યા કેછ ગીયા?
તુલ કાદે ડોંડ નાંય દેનો?"
11 ચ્યે આખ્યાં, "કાદે નાંય પ્રભુ," ઈસુવે ચ્યેલ આખ્યાં, "આંયબી
તુલ ડોંડ નાંય દાવ, આમી ગોઓ જો, એને આમીને પાપમાય જીવન મા
જીવહે."

## ઈસુ દુનિયા ઉજવાડો

12 તોવે ઈસુવે પાછા લોકહાન આખ્યાં, "આંય દુનિયા ઉજવાડો
હેતાઉ, જીં માઅહું મા શિષ્ય બોની તો કાદે દિહી આંદારામાય નાંય
ચાલી, બાકી ચ્યાલ તો ઉજવાડો મિળી જો અનંતજીવન દેહે."
13 તોવે પોરૂષીયાહાય ચ્યાલ આખ્યાં, "તું પોતા બારામાય પોતેજ
સાક્ષી દેતહો, તો સાક્ષી હાચ્ચી નાંય હેય."
14 ઈસુવે ચ્યાહાન જાવાબ દેયન આખ્યાં, "જો આંય પોતે મા
બારામાય સાક્ષી દાહાંવ, તેરુંબી મા સાક્ષી હાચ્ચી હેય, કાહાકા આંય
જાંઅતાહાંવ, કા આંય કેછને યેતહાવ એને કેછ જાતહાવ? બાકી
તુમહાન ખોબાર નાંય હેય, કા આંય કેછને યેનહો એને કેછ જાતહાવ.
15 તુમા માઅહા વિચારાકોય ન્યાય કોઅતાહા, આંય કાદા ન્યાય નાંય
કોઉ.
16 એને જોવે આંય ન્યાય કોઉ બી, તે મા ન્યાય હાચ્ચો હેય, કાહાકા
આંય યોખલો નાંય હેતાઉ, બાકી આંય પોરમેહેર આબહા આરે હેતાંવ,
જ્યેં માન દોવાડયોહો.
17 એને મૂસા નિયમશાસ્ત્રામાય બી લોખલાં હેય કા, બેન જાંઅહા
સાક્ષી હાચ્ચી ગોણહાય.
18 યોકતે આંય પોતે મા બારામાય સાક્ષી દેતહાવ, એને બિજો જ્યેં
માન દોવાડલો હેય, તો આબો મા બારામાય સાક્ષી દેહે."
19 ચ્યાહાય ચ્યાલ પુછ્યાં, "તો આબહો કેછ હેય?" ઈસુવે જાવાબ
દેનો, "નાંય તુમા માન વોળખે એને નાંય મા આબહાલ, જો તુમા માન
વોળખે તોવે મા આબહાલ બી વોળાખતા."

20 યો વાતો તો દેવાળા બાઆમાય હિકાડે જાં દાનપેટી આતી તાં
આખી, એને ચ્યાલ કાદે દોઅયો નાંય, કાહાકા આજુ લોગુ ચ્યા સમય
નાંય યેનેલ.

## ઈસુ પોતાનાજ બારામાય આખના

21 ઈસુવે ચ્યાહાન પાછા આખ્યાં, "આંય જાય રિઅલો હેતાંવ, એને
તુમા માન હોદહા એને તુમા તુમહે પાપહા માફ ઓઅયા વોગાર મોઅઇ
જાહા, એને આંય જાં જાય રિઅલો હેતાંવ, તાં તુમા નાંય યી હોકહા."
22 તોવે યહૂદી આગેવાનહાય આખ્યાં, "કાય તો પોતાલ માઆઇ
ટાકી, ચ્યાહાટી તો એહેકેન આખહે, જાં આંય જાય રોયહો, તાં તુમહાન
નાંય યેવાય?"
23 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "તુમા યા દુનિયામાય પૈદા ઓઅયાહા,
બાકી આંય હોરગામાઅને યેનહો, તુમા દુનિયા હેતા, આંય દુનિયા નાંય
હેય.
24 યાહાટી માયે તુમહાન આખ્યાં, કા તુમા તુમહે પાપહા માફ
ઓઅયા વોગાર મોઅઇ જાહા, કાહાકા જોવે તુમા માયેવોય બોરહો
નાંય કોઅહા કા તો આંયજ હેતાઉ, તોવે તુમા તુમહે પાપહા માફ
ઓઅયા વોગાર મોઅઇ જાહા."
25 યહૂદી આગેવાનહાય ઈસુલ પુછ્યાં, "તું કું હેતો?" ઈસુવે ચ્યાહાન
આખ્યાં, "જોવેને માયે હિકાડના સુરુ કોઅયાહાં, તોવેને આંય તુમહાન
આખતો યેનહો કા આંય કું હેતાંવ.
26 તુમહે બારામાય માન બોજ કાય આખના એને ન્યાય કોઅના
હેય બાકી માન જયેં દોવાડયો, તો હાચ્ચો હેય, એને જીં આંય ચ્યાથી
વોનાયોહો, તીંજ આંય દુનિયા લોકહાન આખતાહાવ."
27 ચ્યા નાંય હોમજ્યા કા તો પોરમેહેર આબહા બારામાય આખી
રિઅલો આતો.
28 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, "જોવે તુમા માન માઅહા પોહાલ
હુળીખાંબાવોય ચોડવાહા, તોવે તુમા માયેવોય બોરહો કોઅહા કા આંય
તોજ હેતાઉ, એને પોતે આંય કાય નાંય કોઉ, બાકી જેહેકેન પોરમેહેર
આબહે માન હિકાડલા હેય, તેહેકેન આંય યો વાતો આખતાહાવ.

29 એને મા દોવાડનારો મા આરે હેય, એ્ય માન યોખલો નાંય છોડયો,
કાહાકા આંય કાયામ તીંજ કામ કોઅતાહાંવ, જ્યાથી તો ખુશ ઓઅહે.”
30 બોજ લોકહાય જ્યાહાય ઈસુલ યો વાતો કોઅતા વોનાયા,
ચ્યાવોય બોરહો કોઅયો.

## હાચ્ચાં તુમહાન છુટકો કોઅરી

31 તોવે ઈસુવે ચ્યા યહૂદીયા જ્યાહાય ઈસુવે બોરહો કોઅયો,
આખ્યાં, “જોવે તુમા મા વચનામાય બોની રાહા, તોવે હાચ્ચાં તુમા મા
શિષ્ય ગોણાયાહા.
32 એને તુમા હાચ્ચાં જાંઅહા, એને હાચ્ચાં તુમહાન છુટકો કોઅરી.”
33 ચ્યાહાય જાવાબ દેનો, “આમા આબ્રાહામા કુળામાઅને હેજે,
એને કાદે દિહી કાદા ચાકાર નાંય બોન્યા, તું કેહેકેન આખતોહો કા તુમહે
છુટકો ઓઅઇ જાય?”
34 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, જીં માઅહું પાપ કોઅહે તી પાપા તાબામાંય હેય.
35 એને ચાકાર કાયામ ગોઆમાય નાંય રોય, પોહો કાયામ રોહે.
36 યાહાટી જોવે પોરમેહેરા પોહો તુમહે છુટકો કોઅહે, તો હાચ્ચાં
તુમહે છુટકો ઓઅઇ જાય.
37 માન ખોબાર હેય કા તુમા આબ્રાહામા કુળામાઅને હેતા, તેરુંબી
તુમા મા હિકાડના નાંય પાળ્યાં, યાહાટી તુમા માન માઆઇ ટાકાં
કોઅતાહા.
38 આંય તીંજ તુમહાન આખતાહાવ જીં માયે એઅયા, જોવે આંય
પોતાના આબહા આરે આતો. એને તુમા તીંજ કોઅતા રોતહા જીં
તુમહાય તુમહે આબહાથી વોનાલા હેય.”
39 ચ્યાહાય ચ્યાલ જાવાબ દેયન આખ્યાં, “આમહે આગલ્યો ડાયો
આબ્રાહામ હેય.” ઈસુવે ચ્યાહાન આખ્યાં, “જોવે તુમા આબ્રાહામા
પીડી રોતા, તોવે તુમા જીં આબ્રાહામ કોઅતો આતો તી કામ કોઅતા.
40 બાકી આમી તુમા માન માઆઇ ટાકાં હોદતા આતા, કાહાકા માયે
તુમહાન હાચ્ચાં આખી દેનહા, જીં માયે પોરમેહેરા આબહા પાઅને
વોનાયો, એહેકેન તે આબ્રાહામાય નાંય કોઅયા.

41 તુમા તુમહે આબહા હારકે કામ કોઅતાહા." ચ્યાહાય ચ્યાલ
આખ્યાં, "આમે વ્યબિચારાથી નાંય જન્મો જાયહો, આમે તે ચોકુજ
આબહો હેય એને તો પોરમેહેર હેય.
42 ઈસુય ચ્યાહાન આખ્યાં, જો પોરમેહેર તુમહે આબહો રોતો, તોવે
તુમા માયેવોય પ્રેમ કોઅતા, કાહાકા આંય પોરમેહેરાપાઅને યેનહો,
આંય પોતા કોઇન નાંય યેનહો, બાકી પોરમેહેરાય માન દોવાડયોહો.
43 આંય જીં આખતાહાવ તી તુમહાન કાહાનાય હોમાજ પોડે?
કાહાકા તુમા મા વચન પાળા નાંય માગેત.
44 તુમા તુમહે આબહો સૈતાનાપાઅને હેતા, એને તુમા તુમહે આબહા
ઉસ પુરી કોઅરા માગતાહા, તો તે પેલ્લેથી ખૂની હેય, એને હાચ્ચાયેવોય
મજબુત નાંય રોય કાહાકા ચ્યામાય હાચ્ચાં હેયેજ નાંય. જોવે તો ઠોગીન
વાત કોઅહે, તોવે તો પોતા મોના વિચાર કોઇન આખહે, કાહાકા તો ઠોગ
હેય, એને ઠોગનારાહા આબહો હેય.
45 આંય હાચ્ચાં આખતાહાવ, યાહાટી તુમા માયેવોય બોરહો નાંય
કોએત.
46 તુમહેમાઅને કું માન પાપ કોઅના દોષ થોવહે? જોવે આંય
તુમહાન હાચ્ચાં આખતાહાવ તોવે તુમા કાહાનાય બોરહો કોએત?
47 જો કાદો પોરમેહેરાપાઅને હેય, તો પોરમેહેરા વાતો વોનાયેહે, એને
તુમા યાહાટી નાંય વોનાયે કાહાકા તુમા પોરમેહેરાપાઅને નાંય હેતા."

## ઈસુ એને આબ્રાહામ

48 યહૂદી આગેવાનહાય ઈ વોનાયને ચ્યાલ જાવાબ દેનો કા, "આમા
હાચ્ચાં આખજે કા તું સમરૂની હેતો એને તોમાય બુત હેય."
49 ઈસુવે જાવાબ દેનો, "માંયેમાય બુત નાંય હેય, બાકી આંય મા
આબહા કદર કોઅતાહાંવ, એને તુમા મા કદર નાંય કોએ.
50 આંય મા કદર નાંય હોદુ, બાકી યોક હેય જો હોદહે કા મા કદર
કોઅલો જાય, એને ઓ તોજ હેય જો ન્યાય બી કોઅહે.
51 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જો કાદો માઅહું મા
વચન પાળી, તોવે તો અનંતકાળ લોગુ નાંય મોઅરી."

52 ઈ વોનાયને યહૂદી લોકહાય આખ્યાં, “આમી આમહાન ખાત્રી
ઓઈ ગિઇ કા તોમાય બુત હેય, આબ્રાહામ મોઓઈ ગીયો, એને
ભવિષ્યવક્તા બી મોઓઈ ગીઅલા હેય, એને તું આખતોહો કા જીં
માઅહું મા વચન પાળી તી કોઇ દિહી નાંય મોઅરી.
53 આમે આબહો આબ્રાહામ તો મોઅઇ ગીયો, કાય તું ચ્યા કોઅતો
મોઠો હેય? એને ભવિષ્યવક્તા બી મોઅઇ ગીયા, તોવે તું પોતાલ કાય
હોમાજતોહો?”
54 ઈસુવે જાવાબ દેનો, “જો આંય પોતા કોઇન માન હોદુ તોવે મા
મહિમા કાયજ નાંય; બાકી મા મહિમા કોઅનારો મા આબહો હેય, એને
તુમા આખતાહા, કા તો આમહે પોરમેહેર હેય,
55 તેરુંબી તુમા ચ્યાલ નાંય જાંએત બાકી ચ્યાલ આંય જાંઅતાહાંવ,
એને જો આંય આખું કા ચ્યાલ આંય નાંય જાઅઉ, તોવે આંય તુમહે
રોકો ઠોગ બોનહી, આંય ચ્યાલ જાઅતાહુ એને ચ્યા આગના પાળહુ.
56 તુમહે આગલ્યો ડાયો આબ્રાહામ મા યેઅના દિહી એઅરા મિળી
યે આશેકોય બોજ મગન આતો, એને મા યેઅના દિહી એઇન તો ખુશ
ઓઈ ગીયો.”
57 તોવે યહૂદી આગેવાનહાય ચ્યાલ આખ્યાં, “તું આજુ પોચાહા
વોરહા નાંય જાયહો, તો કેહેકેન તુયે આબ્રાહામાલ દેખ્યહો?”
58 ઈસુવે ચ્યાહાન આખ્યાં, “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, આબ્રાહામા જન્મો જાયો ચ્યા પેલ્લા આંય હેતાઉ.”
59 તોવે ચ્યાહાય ઈસુલ ઠોકાંહાટી દોગડા ઈશ્યા, બાકી ઈસુ
દેવાળામાઅને ઠાવકોજ જાતો રિયો.

# 9

## જોન્માથી આંદળા દેખતા ઓઅના

1 યોક દિહી જોવે ઈસુ શિષ્યહાઆરે વાટે જાતો આતો, તોવે યોકા
જોન્માથી આંદળા માઅહાલ દેખ્યા.
2 એને ચ્યા શિષ્યહાય ચ્યાલ પુછ્યાં કા, “ઓ ગુરુ, કુંયે પાપ
કોઅયા ઓરી કા ઓ આંદળો જોનમ્યો, યા માઅહાય કા ચ્યા આયહે
આબહાય?”

3 ઈસુવે જાવાબ દેનો, “નાંય તે ઈયા પાપ કોઅલા આતા, નાંય તે
ઈયા આયહે આબહાય બાકી યાહાટી આંદળો જોનમ્યો કા પોરમેહેરા
સામર્થ્યા કામ ઈયામાય દેખાયાં જોજે.
4 જયેં માન દોવાડયોહો, ઈયા હોપલા કામ આમહાન જલદી પુરેં
કોઅના હેય, કાહાકા રાત યેહે, ઈયેમાય કાદો કામ નાંય કોઇ હોકે.
5 જાવ લોગુ આંય દુનિયામાય હેતાઉ, તાંવ લોગુ આંય દુનિયા
ઉજવાડો હેતાઉ.”
6 ઈ આખીન તો દોરતીવોય થુપ્યો એને થુપે કોઇન કાદુ મોગલ્યો, એને
તો કાદુ ઈયા ડોળાહાવોય ચોપડયો,
7 એને આખ્યાં, “જો, તો મું શિલોહ કુંડામાય દોવી લે,” તો ગીયો એને
દોવ્યા એને દેખતો ઓઇન ફિરી યેનો.
8 તોવે ઈયા પડોસી લોકહાય એને જ્યા પેલ્લા તો માગે તોવે ઈયાલ
એઅતા આતા, ઈયા યોકા બિજાલ આખા લાગ્યા, “કાય ઓ તો નાંય
હેય, જો બોહીન બિખ માગતો આતો?”
9 તોવે કોલાહાક લોક આખે, “ઓ તોજ હેય,” બિજા આખે “નાંય,
બાકી ઈયા રોકો હેય” બાકી ઈયે આખ્યાં, “આંય તોજ હેતાઉ.”
10 તોવે ઈયા ઈયાલ પુછા લાગ્યા, “તુલ તો નોજાર કેહેકેન મિળી
ગીયી?”
11 ઈયાય જાવાબ દેનો, “ઈસુ નાંવા યોક માઅહે કાદુ મોગલ્યો એને મા
ડોળાહાવોય ચોપડયો, એને ઈયે માન આખ્યાં, શિલોહ કુંડ માય જાયન
મું દોવી લે, તોવે આંય ગીયો એને દોવ્યા પાછે એઅતો લાગ્યો.”
12 ઈયાહાય ઈયાલ પુછ્યાં, “તો કેછ હેય?” ઈયે આખ્યાં, “માન
ખોબાર નાંય.”

## પોરુષીયાહાથી હારો જાયો ઈયાલ પૂછના

13-14 જયેં દિહે ઈસુય કાદુ મોગલીન ઈયા માઅહાલ એઅતો કોઅયો,
તો આરામા દિહી આતો. યાહાટી લોક જો પેલ્લા આંદળો આતો ઈયાલ
પોરુષીયા પાય લેય ગીયા.
15 તોવે પોરુષીયાહાય બી ઈયાલ પુછ્યાં, “તુલ તો નોજાર કેહેકેન
મિળી ગીયી? ઈયાય ઈયાહાન આખ્યાં ઈયાય ડોળાહાવોય કાદુ લાવ્યો,
એને માયે દોવી લેદા, એને આંય આમી એઅતાહાવ.”

16 તોવે કોલાહાક પોરૂષી આખા લાગ્યા, “ઈ માઅહું પોરમેહેરા
એછને નાંય હેય, કાહાકા તો આરામા દિહી નાંય પાળે,” બાકી બીજહાંય
આખ્યાં, “પાપી માઅહું ઓહડા ચમત્કાર કેહેકેન કોઇ હોકહે?” એને
ચ્યાહામાય ફુટ પોડી ગીયી.

17 ચ્યાહાય ચ્યા આંદળાલ પાછા આખ્યાં, “જ્યેં તુલ દેખતો કોઅયો,
ચ્યા બારામાય તું કાય આખતોહો” તોવે ચ્યે જાવાબ દેનો, “તો
ભવિષ્યવક્તા હેય?”

18 બાકી યહૂદી આગેવાનહાય બોરહો નાંય કોઅયો કા તો આંદળો
આતો એને દેખતો ઓઅઇ ગીયો, જાવ લોગુ ચ્યાહાય ચ્યા આંદળા
આયહે આબહાલ હાદિન નાંય પુછ્યાં.

19 કા, “કાય ઓ તુમહે પોહો હેય, જ્યાલ તુમા આખતેહે કા આંદળો
જોનમ્યો? તોવે આમી કેહેકેન એઅઇ હોકહે?”

20 ચ્યા આયહે આબહે જાવાબ દેનો કા, “આમા જાંઅજેહે કા ઓ
આમહે પોહો હેય, એને આંદળો જોનમ્યો.

21 બાકી આમી કેહેકેન દેખતો જાયો, તીં આમા નાંય જાંઆજે, એને
નાંય ઈ જાંઆજે, કા કુંયે ચ્યા ડોળા ઉગડાવ્યા, ચ્યાલુજ પુછી લા, તો
પોતા બારામાય પોતેજ આખી દેઅરી.”

22 યો વાતો ચ્યા આયહે આબહાય યાહાટી આખ્યો, કાહાકા ચ્યાહાન
યહૂદી આગેવાનહા દાક આતી, કાહાકા યહૂદી આગેવાનહાય નોક્કી
કોઅયેલ કા, જીં માઅહું ઈસુવોય બોરહો કોએ કા તો ખ્રિસ્ત હેય, ચ્યાલ
સોબાયે ઠિકાણા માઅને કાડી દેવામાય યેય.

23 ચ્યાહાટી ચ્યા આયહે આબહાય આખ્યાં કા, “તો આખી હોકહે
ઓલો મોઠો હેય, ચ્યાલુજ પુછી લા.”

24 તોવે યહૂદી આગેવાનહાય જો આંદળો આતો ચ્યાલ બીજેદા
હાદિન પુછ્યાં, “હાચ્ચાં આખીન પોરમેહેરા સ્તુતિ કોઓ, આમહાન
ખોબાર હેય કા તો માઅહું પાપી હેય.”

25 ચ્યે જાવાબ દેનો, “તો પાપી હેય કા નાંય, તીં આંય નાંય જાઅઉ
ઓલહાંજ જાંઅહું કા, આંય આંદળો આતો, એને આમી આંય દેખતો
જાયહો.”

26 તોવે ગ્યાહાય ગ્યાલ પાછા પુછ્યાં, "તુલ ગ્યે કાય કોઅયા? તુલ
કેહેકેન દેખતો કોઅયો?
27 ગ્યે ગ્યાહાન જાવાબ દેનો, આંય તુમહાન આખી ચુક્યો, એને તુમા
નાંય વોનાયા, આમી બીજેદા કાહા વોનાયા માગતાહા? તુમાબી ગ્યા
શિષ્ય બોના કા?"
28 તોવે ગ્યાહાય ગ્યા નિંદા કોઇન આખ્યાં, "તુંજ ગ્યા શિષ્ય હેય,
આમા મૂસા શિષ્ય હેજે.
29 આમા જાંઅજેહે કા પોરમેહેરે મૂસાઆરે વાતો કોઅયો બાકી ઓ
કેછને હેય તીં આમહાન ખોબાર નાંય."
30 ગ્યે માઅહે ગ્યાહાન આખ્યાં, "એરે ઈ તે, નોવાયે વાત હેય કા એલે
માન દેખતો કોઅયો તેરુંબી તુમા નાંય જાંઅતાહા કા તો કેછને હેય.
31 આમા જાંઅજેહે કા, પોરમેહેર પાપી લોકહા નાંય વોનાયે, બાકી
જો માઅહું પોરમેહેરા ભક્ત હેય એને પોરમેહેરા મોરજયેકોય જીવહે,
તો ગ્યા વોનાયેહે.
32 જોવેને દુનિયા બોની તોયાં આજેલોગુ આપા ઈ નાંય વોનાયા, કા
કાદેબી જન્માથી આંદળાલ દેખતો કોઅયો ઓરી.
33 જોવે તો પોરમેહેરા એછને નાંય રોતો, તોવે તો કાયબી નાંય કોઇ
હોકતો."
34 ગ્યાહાય ગ્યાલ જાવાબ દેનો, "તું તો પેલ્લેથી પાપામાંય
જોનમ્યોહો, તું આમહાન કાય હિકાડતોહો?" તોવે ગ્યાહાય ગ્યાલ
સોબાયે ઠિકાણા માઅને બાઆ કાડી દેનો.

## આત્મિક આંદળા

35 ઈસુ વોનાયો, કા યહૂદી આગેવાનહાય ગ્યાલ બાઆ કાડી દેનહો,
એને જોવે તો મિળ્યો, તોવે ગ્યે આખ્યાં, "તું માઅહા પોહાવોય બોરહો
કોઅતોહો કા?"
36 ગ્યાય જાવાબ દેનો, "ઓ સાયબ, માન આખ કા ઓ પોરમેહેરા
પોહો કું હેય, કા આંય ગ્યાવોય બોરહો કોઇ હોકુ?"
37 ઈસુવે ગ્યાલ આખ્યાં, "આંય પોરમેહેરા પોહો હેય, તું પેલ્લા માન
એઇ ચુકયોહો, આંય તોજ હેય જો આમી તોઆરે વાતો કોઇ રિઅલો
હેય."

38 ચ્યે આખ્યાં, “ઓ પ્રભુ, આંય તોવોય બોરહો કોઅતાહાંવ” એને
તો ઈસુ પાગે પોડયો.
39 એને ઈસુવે આખ્યાં, “આંય દુનિયામાય ન્યાય કોઅરાહાટી યેનો,
યાહાટી કા જ્યેં એઅઇ નાંય હોકેત ચ્યે એએ, એને જ્યા એઅતાહા
ચ્યા આંદળા બોની જાય.”
40 પોરૂષીયાહા માઅને કોલહાક તાં ચ્યાઆરે આતા ચ્યા યો વાતો
વોનાયને, એને ચ્યાહાય ચ્યાલ આખ્યાં, “કાય તું આખી રિયહો કા આમા
બી આંદળા હેજે?”
41 ઈસુવે ચ્યાહાન આખ્યાં, “જોવે તુમા આંદળા રોતા તોવે તુમહે પાપ
નાંય ગોણાતાં, બાકી આમી આખતાહા કા આમા એઅજેહે, યાહાટી
તુમહે પાપ માફ નાંય કોઅલા જાય.”

# 10

## ગેટેં એને ગેટાહા ગોવાળા દાખલો

1 “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જો કાદો ગોઠામાય
બાઆણામાય રોઇન નાંય બાકી બીજે કાને રોઇન ઉરાઇ જાય, તો બાંડ
એને લુટારો હેય.
2 બાકી ગેટાહા ગોવાળ બાઆણામાય રોઇન જાહે.
3 ચ્યાહાહાટી મેંડવાળ્યો બાઅણા ઉગાડેહે, એને ગેટેં ચ્યા આવાજ
વોળાખતેહે, એને તો ચ્યા ગેટાહાન નાંવે કોઇન હાત કોઅહે એને
ચ્યાહાન બાઆ લેય જાહે.
4 એને જોવે બોદા ગેટહાન બાઆ કાડહે, તોવે તો ચ્યાહા આગલા
ચાલહે એને ગેટેં ચ્યા પાહલા ચાલતેહે કાહાકા ચ્યે ચ્યા આવાજ
વોળાખતેહે.
5 ચ્યે ઓજાણ્યા પાહલા નાંય ચાલી, બાકી ચ્યાપાઅને નાહાતેહે,
કાહાકા ઓજાણ્યા આવાજ ચ્યે નાંય વોળખેત.”
6 ઈસુવે ચ્યાહાન ઓ દાખલો આખ્યો, બાકી ચ્યા નાંય હોમજ્યા કા
ચ્યા આખના કાય મતલબ આતો.

## ઈસુ હાચ્ચો ગોવાળ

7 તોવે ઈસુવે ચ્યાહાન પાછા આખ્યાં, “આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં
આખતાહાવ, ગેટહા બાઅણા આંય હેતાઉ.

8 મા આગલા જોલા યેના ચ્યા બોદા બાંડ એને લુટારૂ હેય, બાકી મા
ગેટેં ચ્યાહા નાંય વોનાયે.
9 બાઅણા આંય હેતાઉ, માયેમાઅને રોઇન માજે યેહે ચ્યા પોરમેહેર
તારણ કોઅરી, એને માજે એને બાઆ યે-જાં કોઅરી એને ચ્યાલ
ખાંહાટી ચારો મિળી.
10 બાંડ ખાલી ચોરી કોઅરા, માઆઇ ટાકાં એને નાશ કોઅરા હાટીજ
યેહે, આંય યાહાટી યેનહો કા ચ્યા પુરી રીતેકોય જીવતા રોય.
11 હારો ગોવાળ આંય હેતાઉ. હારો ગોવાળ ચ્યા ગેટહા હાટી જીવ
દેહે.
12 બાડાવોય રાખલો નોકાર જોવે આસાલ્યેલ યેતો એએ, તોવે
ગેટહાન છોડીન નાહી પોડહે, કાહાકા ગેટેં ચ્યા નાંય હેય, એને તો
ચ્યાહા ગોવાળ નાંય હેય, ચ્યાહાટી વરુ ચ્યાહાવોય હમલો કોઅહે, એને
ટોળાલ આલાગ-આલાગ કોઇ દેતહેં.
13 તો યાહાટી નાહી પોડહે કાહાકા તો નોકાર હેય, એને ચ્યાલ ગેટહા
ચિંતા નાંય હેય.
14 હારો ગોવાળ આંય હેતાઉ, એને આંય મા ગેટહાન જાંઅતાહાંવ,
એને મા ગેટેં માન જાંઅતેહે.
15 જેહેકેન આબહો માન જાંઅહે એને આંય આબહાલ
જાંઅતાહાંવ, એને મા ગેટહા હાટી આંય મા જીવ દેતહાવ.
16 એને મા આજુ બીજે ગેટેં હેતેં, ચ્યે યા ગોઠામાઅને નાંય હેતેં,
મા ચ્યાહાનબી લેય યેયના જરુરી હેય, ચ્યે મા આવાજ વોળખી, તોવે
યોકુજ ટોળો એને યોકુજ ગોવાળ રોય.
17 આબહો માયેવોય યાહાટી પ્રેમ કોઅહે, કાહાકા આંય મા જીવ
દેતહાવ, કા ચ્યાલ પાછા લેય લાવ.
18 મા જીવ માયેપાઅને કાદો પેચકી નાંય લેય, બાકી આંય મા મોરજી
કોઇન દેતહાવ, માન ચ્યાલ દેઅના બી ઓદિકાર હેય, એને પાછા લેઅના
બી ઓદિકાર હેય, ઈ આગના મા આબહે માન દેનહી.”
19 યે વાતહે લેદે યહૂદી આગેવાનહામાય પાછી ફુટ પોડી ગીયી.
20 ચ્યાહામાઅને બોજ જાંએ આખે કા, “ચ્યામાય બુત હેય, એને તો
ગાંડવાઈ ગીયહો, ચ્યા નાંય વોનાના?”
21 બીજહાંય આખ્યાં, “યો વાતો ઓહડા માઅહા નાંય જ્યામાય
બુત રોય, યોક બુત કોય દિહે આંદળાલ નોજાર નાંય દી હોકે.”

## યહૂદીયાહા બોરહો નાંય કોઅના

22 તોવે યેરૂસાલેમ શેહેરામાય દેવાળા ઉદઘાટનાલ યાદ કોઅના સણ
આતો એને હિયાળા મોંસમ આતો.
23 એને ઈસુ દેવાળામાય સુલેમાના પારસાળી માય ફિરતો આતો.
24 તોવે યહૂદી આગેવાનહાય ઈસુપાય ટોળો વોળીન પુછ્યાં, "તો
બારામાય આમે મોનામાય કોવે લોગુ શંકામાય રોજે? જો તું ખ્રિસ્ત હેતો,
તે આમહાન ખુલ્લી રીતે આખી દે."
25 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, "માયે તુમહાન આખી દેના, એને
તેરુંબી તુમા બોરહો નાંય કોએત, જીં કામ આંય મા પોરમેહેર આબહા
ઓદિકારા કોઇ કોઅતાહાંવ તીજ મા સાક્ષી હેય.
26 બાકી તુમા યાહાટી બોરહો નાંય કોએત, કાહાકા તુમા મા
ગેટહામાઅને નાંય હેતા.
27 જેહેકેન મા ગેટેં આસલી ગોવાળા આવાજ વોળાખતેહે, તેહેકેનુજ
મા લોક મા વાતે વોય ધ્યાન દેતહા, આંય ચ્યાહાન વોળાખતાહુ, એને
ચ્યા મા શિષ્ય બોની ગીઅલા હેય.
28 એને આંય ચ્યાહાન અનંતજીવન દેતહાવ એને ચ્યે કોય દિહે નાશ
નાંય ઓઅરી, એને ચ્યાહાન કાદો માયે વોઅને પેચકી નાંય લેય.
29 મા આબહે, જ્યાંય ચ્યાહાન માન દેનહે, બોદહા કોઅતો તો મોઠો
હેય, એને ચ્યાહાલ આબહા વોયને કાદો પેચકી નાંય હોકે.
30 આંય એને આબહો યોક હેજે."

31 તોવે પાછા યોકદા યહૂદી આગેવાનહાય ચ્યાલ ઠોકાંહાટી દોગાડ
ઈશ્યા.
32 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, "માયે તુમહાન મા આબહા ઇહિને
બોજ હારેં કામે દેખાડયેહે, ચ્યાહામાઅને કોઅહા કામાહાટી તુમા માન
દોગડાટા કોઅતાહા?"
33 યહૂદી આગેવાનહાય ચ્યાલ જાવાબ દેનો, "હારાં કામાહાટી તુલ
નાંય દોગડાટી દેજે બાકી પોરમેહેરા નિંદાયે હાટી કાહાકા તું માઅહું છતા,
પોરમેહેર હેતાઉ એહેકેન આખતોહો."
34 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, "કાય તુમહે નિયમશાસ્ત્ર માય
એહેકેન નાંય લોખલાં હેય, માયે આખ્યાં, 'તું ઈશ્વર હેય'?

35 જ્યાહાન પોરમેહેરા વચન મિળ્યાં, જોવે ચ્યાહાન પવિત્રશાસ્ત્ર
ઈશ્વર આખે, તો પવિત્રશાસ્ત્રા નિંદા નાંય ઓએ?
36 જોવે આંય આખહુ, આંય પોરમેહેરા પોહો હેય, તોવે તુમા માન
કાહા આખતાહા, કા તું નિંદા કોઅતોહો, આંય તોજ હેય, જ્યાલ
આબહે આલાગ કોઅયો એને દુનિયામાય દોવાડયો.
37 જોવે આંય મા આબહા કામ નાંય કોઉ, તોવે માયેવોય બોરહો મા
કોઅહા.
38 બાકી જોવે આંય કોઅતાહાંવ, તે માયેવોય બોરહો નાંય બી
કોઅહા, બાકી ચ્યા કામહાવોય બોરહો રાખા, કા તુમા જાંઆય એને
હુમજે કા આબહો માયે માય હેય એને આંય આબહામાય હેય."
39 તોવે ચ્યા પાછા ચ્યાલ દોઅરાં કોએત, બાકી તો ચ્યાહાપાઅને દુઉ
જાતો રિયો.
40 પાછે ઈસુ યારદેન નોયે ચ્યેમેરે જાતો રિયો, જાં પેલ્લા યોહાન
બાપતિસ્મા દેતો આતો એને તાં રિયો.
41 બોજ જાંએ ચ્યાપાય યેયન આખા આતેં, "યોહાને તે કાય
ચમત્કારા કામ નાંય દેખાડયા, બાકી યા માઅહા બારામાય યોહાને જીં
કાય આખ્યાં તીં બોદા હાચ્ચાં આતા."
42 એને તાઅને બો બોદા લોકહાય ચ્યાવોય બોરહો કોઅયો.

# 11

## લાજરસા મોઅઇ જાયના

1 મરિયમ એને ચ્યે બોઅહી માર્થાંયે ગાંવ બેથાનીયામાય લાજરસ
નાંવા યોક માઅહું બિમાર આતો.
2 ઈ તીજ મરિયમ આતી, જ્યેય પાછે પ્રભુ પાગહાવોય મોઅગાં
સુગંદી અત્તાર ચોપડીન ચ્યા પાગ પોતે કિહહા કોઇન નુંહયા, ચ્યે બાહા
લાજરસ બિમાર આતો.
3 તોવે ચ્યા બોઅયેહે ઈસુવાઇહી આખી દોવાડયા, "ઓ પ્રભુ, એએ,
જ્યાવોય તું પ્રેમ કોઅતોહો તો બિમાર હેય."
4 ઈ વોનાઈન ઈસુવે આખ્યાં, "ઈ બિમારી મોઅરાંહાટી નાંય હેય,
બાકી પોરમેહેરા મહિમાહાટી હેય, કા ચ્યાકોય પોરમેહેરા પોહા મહિમા
ઓએ."

5 ઈસુ માર્થા એને ચ્યે બોઅહી મરિયમ એને લાજરસાવોય પ્રેમ
કોઅતો આતો.
6 બાકી ઈસુ વોનાયો, કા લાજરસ બિમાર હેય, એને જાં તો આતો,
તાંજ બેન દિહી રોય ગીયો.
7 બેન દિહહયા પાછે ઈસુય ચ્યા શિષ્યહાન આખ્યાં, "યા, આપા
પાછા યહૂદીયા વિસ્તારમાય જાતા."
8 શિષ્યહાય ચ્યાલ આખ્યાં, "ઓ ગુરુ, આમીંજ યહૂદી આગેવાન
તુલ દોગડાટીન માઆઇ ટાકાં કોએત એને તું તાં પાછો જાં કા?"
9 ઈસુવે જાવાબ દેનો, "કાય દિહા બાર કોલાક નાંય રોય? જોવે કાદો
દિહા ચાલે, તો ઠોકાતો નાંય જાય, કાહાકા દિહા ઉજવાડા કોય ચ્યાલ
દેખાયેહે.
10 બાકી જોવે કાદો રાતી ચાલે, તો ઠોકાતો જાય, કાહાકા ચ્યાપાય
ઉજવાડો નાંય હેય."
11 ચ્યાય યો વાતો આખ્યો, એને પાછે તો ચ્યાહાન આખા લાગ્યો,
"આપહે દોસ્તાર લાજરસ હૂવી ગીયહો, બાકી આંય ચ્યાલ ઉઠાડાંહાટી
જાતહાવ."
12 તોવે શિષ્યહાય ચ્યાલ આખ્યાં, "ઓ પ્રભુ, તો હૂવી ગીયહો, તોવે
પાછો હારો ઓઅઇન બોચાવલો જાય."
13 ઈસુવે ચ્યા મોતા બારામાય આખલા આતા, બાકી ચ્યા હોમજ્યા
તે નિંદેમાય હૂવી જાઅના બારામાય હોમજ્યા.
14 તોવે ઈસુવે ખુલ્લાં આખ્યાં, "લાજરસ મોઓઈ ગીયહો.
15 એને આંય તાં નાંય આતો, ચ્યાહાટી તુમહે ફાયદાહાટી ખુશ હેતાઉ
કા આંય તાં નાંય આતો, જેથી તુમા બોરહો કોઆ. બાકી આમી યા,
આપા ચ્યાપાય જાતા."
16 તોવે થોમાય જ્યાલ દિદુમુસ આખે, ચ્યાઆરે શિષ્યહાન આખ્યાં,
"ચાલા, આપાબી ચ્યાઆરે મોઅરા જાતા."

## ઈસુ મોઅલામાયને જીવતા ઓઅના

17 જોવે ઈસુ બેથાનીયામાય યેય પોઅચ્યો તોવે ચ્યાલ માલુમ જાયા
કા લાજરસાલ માહણામાય થોવિન ચાર દિહી ઓઈ ગીયહા.

18 બેથાનીયા ગાવા યેરૂસાલેમ શેહેરા પાહાય લગભગ તીન
કિલોમીટર દુઉ આતા.
19 એને બોજ યહૂદી લોક માર્થા એને મરિયમ પાય ચ્યેહે બાહા
લાજરસા બારામાય દિલાસો દાં યેનલે.
20 માર્થા ઈસુ યેયના ખોબાર વોનાઈન તી ચ્યાલ મિળાં ગીયી, બાકી
મરિયમ ગોઅજ રિયી.
21 તોવે માર્થાયે ઈસુવાલ આખ્યાં, "પ્રભુ તુલ ઈહીં રા જોજતાં, તોવે
મા બાહા નાંય મોઅતો.
22 એને આમીબી આંય જાંઅહુ કા તું પોરમેહેરાપાઅને જીં કાય
માગહે તી પોરમેહેર તુલ દેઅરી."
23 ઈસુય ચ્યેલ આખ્યાં, "તો બાહા પાછો જીવી ઉઠી."
24 માર્થા ચ્યાલ આખ્યાં, "માન ખોબાર હેય, ન્યાય કોઅના દિહે જોવે
બોદે મોઅલા માઅને પાછા જીવી ઉઠી તોવે તો પાછો જીવતો ઉઠી."
25 ઈસુવે ચ્યેલ આખ્યાં, "આંય તો હેતાંવ જો મોઅલા માઅને પાછો
જીવતો ઉઠયહો, જો કાદો માયેવોય બોરહો કોઅહે તો મોઅઇબી જાય,
તેરુંબી જીવી.
26 જો માંયેમાય જીવહે એને માયેવોય બોરહો કોઅહે તો કોય દિહે
નાંય મોઅરી. કાય તું યે વાતવોય બોરહો કોઅતીહી કા?"
27 ચ્યે આખ્યાં, "હાં, પ્રભુ, આંય બોરહો કોઅત્યાહાંવ કા તું
પોરમેહેરા પોહો ખ્રિસ્ત હેતો જો દુનિયામાય યેનારો આતો, તો તુંજ
હેય."

## લાજરસાલ જીવતો કોઅના

28 ઈ વાત આખીન તી જાતી રોયી એને ચ્યે બોઅહી મરિયમેલ
ઠાવકાજ હાદિન આખ્યાં, "ગુરુ ઈહીંજ હેય, એને તુલ હાદહે."
29 તી વોનાતાજ તારાત ઉઠી એને ચ્યાલ મિળાં ગીયી.
30 ઈસુ આજુ ગાવા બાઆ આતો, જાં માર્થા મિળ્યેલ તાંજ આતો.
31 તોવે જ્યા યહૂદી લોક મરિયમે આરે ગોઅમે આતેં, એને ચ્યેલ
દિલાસો દી રીઅલે આતેં, ચ્યાહાય મરિયમેલ તારાત ઉઠીન બાઆ જાતી
દેખી, તોવે ચ્યા ચ્યે પાહલા-પાહલા ગીયે કાહાકા ચ્યા એહેકોય હોમજ્યા
કા તી માહણામાય રોડાં હાટી જાહાય.

32 જોવે મરિયમ જાં ઈસુ આતો તાં જાય પોઅચી તોવે ચ્યાલ
દેખતાજ તી ચ્યાલ પાગે પોડી એને ચ્યે આખ્યાં, "પ્રભુ તું ઈહીં રોતો
તોવે મા બાહા નાંય મોઅતો."
33 જોવે ઈસુવે ચ્યેલ એને ચ્યે આરે યેનલા યહૂદી લોકહાનબી રોડતા
દેખ્યા તોવે ચ્યે હુંઅકા ટાક્યા, બોજ નિરાશ ઓઈ ગીયો.
34 ઈસુવે આખ્યાં, "તુમહાય ચ્યાલ કેછ થોવહ્યો?" ચ્યાહાય આખ્યાં,
"પ્રભુ, ચાલીન એય લે."
35 ઈસુ રોડયો.
36 તોવે યહૂદી લોકહાય આખ્યાં, "એઆ, તો ચ્યાવોય કેહેકે પ્રેમ
કોઅતો આતો."
37 બાકી ચ્યાહામાઅને કોલહેક જાંએ આખા, "લાગ્યેં, કા જ્યેં
આંદળાલ દેખતો કોઅયેલ તો લાજરસાલ મોઅનાથી બોચાવી
હોકતો?"
38 ઈસુ બોજ નિરાશ ઓઇન માહાણા પાય યેનો, તાં યોક ગોડદો
આતો એને મોઠો દોગાડ ચ્યા બોગારા આલુડ કોઅલો આતો.
39 ઈસુય આખ્યાં, "દોગાડ ફેડી ટાકાં" મોઅલા માઅહા બોઅહી
માર્થા ચ્યાલ આખા લાગી, "પ્રભુ, આમી ગાંદાતા ઓરી, કાહાકા ચ્યાલ
મોઈન ચાર દિહી ઓઈ ગીઅલા હેય."
40 ઈસુય ચ્યેલ આખ્યાં, "કાય માયે તુલ નાંય આખ્યેલ કા, જોવે તું
બોરહો કોઅહે, તોવે તું પોરમેહેરા મહિમા એઅહે?"
41 તોવે ચ્યાહાય દોગાડાલ ફેડી લેદો, પાછે ઈસુવે ઉચે નોજાર કોઇન
આખ્યાં, "ઓ આબા આંય તો આભાર માનતાહુ કાહાકા તુયે મા વોનાય
લેદા.
42 એને આંય જાંઅતાહાંવ કા સાદા મા વોનાતોહો, બાકી જીં ગીરદી
આજુ-બાજુ ઉબલી હેય, ચ્યાહા લીદે માયે મોઠેરે બોંબલીન આખ્યાં,
જ્યાથી ચ્યા બોરહો કોએ, કા તુયે માન દોવાડયોહો."
43 એહેકેન આખીન બોંબલ્યો, "ઓ લાજરસ બાઆ નિંગી યે."
44 જો મોઓઈ ગીઅલો આતો, તો માઅહું બાઆ નિંગી યેનો, ચ્યા
આથ પાગ ફાડકા કોઇન વેટાળલા આતા, એને ચ્યા મુંવોય યોક રુંબાળ
વેટાળી દેનલો આતો, તોવે ઈસુવે આખ્યાં, "ચ્યા વોયને ફાડકે છોડી દિયા,

એને આ્યાલ જાં દા."

## ઈસુ વિરુદ કાવત્રા
## *(માથ્થી 26:1-5; માર્ક 14:1-2; લુક. 22:1-2)*

45 જ્યા યહૂદી લોક મરિયમ આરે યેનલા આતા, એને ઈસુવે કાય
ચમત્કાર કોઅયા તી દેખ્યાં, તોવે આ્યાહામાઅને બો બોદા માઅહાય
આ્યાવોય બોરહો કોઅયો.
46 બાકી આ્યાહામાઅને કોલાહાક જાંઆ પોરૂષીયાહા પાય ગીયા એને
ઈસુ ચમત્કારા કામહા ખોબાર દેની.
47 તોવે મુખ્ય યાજક એને પોરૂષીયાહાય મોઠી સોબા લોકહાન હાદિન
પુછ્યાં, "આપા કાય કોઅજેહે? ઈ માઅહું તે બોજ ચમત્કાર કોઅહે.
48 જો આપા આ્યાલ નાંય રોકજે, તોવે બોદે માઅહે આ્યાલ ખ્રિસ્તા
રુપામાય બોરહો કોઅરી એને રોમી ઓદિકારી યેઇન યા દેવાળાલ એને
યા લોકહા નાશ કોઅરી."
49 તોવે આ્યાહામાઅને કાયફા નાંવા સોબા સભ્ય આતો તો આ્યા વોરહા
મહાયાજક આતો, આ્યે આ્યાહાન આખ્યાં, "તુમા કાયજ નાંય જાંએત.
50 લોકહાહાટી યોકા માઅહાય મોઅરા જોજે એને બોદા દેશહા નાશ
નાંય ઓઅરા જોજે, ઈ તુમહેહાટી ફાયદા હેય, ઈ બી તુમહાન નાંય
હોમજાય."
51 આ્યે પોતા કોઇન એહેકોય નાંય આખ્યાં, બાકી આ્યે વોરહે
મહાયાજક રોઇન આ્યા મુંયેકોઇન પોરમેહેરે વાત કોઅયી, કા ઈસુ
ઈસરાયેલ લોકહાહાટી મોઅઇ જાનારો આતો.
52 ઈસુ ઈસરાયેલ લોકહાહાટી ઓલાહાંજ નાંય, બાકી પોરમેહેરા
બિજા લોક જ્યા બોદે દોરતીવોય વિખરાઈ ગીઅલે હેય, આ્યાહાહાટી
બી મોઅરી, કા આ્યા બેનહ્યાન યોકઠે કોય હોકે.
53 તોવે આ્યા દિહાપાઅને યહૂદી આગેવાન ઈસુલ માઆઇ ટાકાં યુક્તિ
કોઅરા લાગ્યા.
54 આ્યે વાતે લીદે ઈસુ પાછે ખુલ્લી રીતે યહૂદી લોકહામાય નાંય
ફિર્યો, બાકી તાઅને નિંગીન ઉજાડ જાગા પાહીને વિસ્તાર, એફ્રાઈમ
ગાવામાય જાતો રિયો એને આ્યા શિષ્યહાઆરે તાંજ રા લાગ્યો.

55 આમી યહૂદીયાહા પાસ્કા સણ પાહાય આતો એને બો બોદા
લોક પાસ્કા સણા પેલ્લા, દેવાળામાય પોતાલ ચોખ્ખાં કોઅરાહાટી
ગાવામાઅને યેરૂસાલેમ શેહેરામાય યેનલા આતા.
56 ચ્યે ઈસુવાલ હોદતે લાગ્યેં એને દેવાળામાય ઉબા રોઇન
યોકબિજાલ આખતે લાગ્યેં, “તુમહાન કાય લાગે? કાય તો સણામાય
નાંય યી?”
57 એને મુખ્ય યાજક એને પોરૂષીયાહાય આગના કોઅલી આતી,
જ્યા કાદાલ ખોબાર હેય કા ઈસુ કેછ હેય તો ચ્યાહાન આખે, કા ઈસુલ
દોઅઇ હોકે.

# 12

## બેથાનીયામાય ઈસુ આવકાર
### *(માથ્થી 26:6-13; માર્ક 14:3-9)*

1 પાછો ઈસુ પાસ્કા સણા આજુ છ દિહા પેલ્લા બેથાનીયા ગાવામાય
યેનો, જાં ચ્યાય લાજરસાલ મોઅલા માઅને જીવતો કોઅલો આતો.
2 તાં ચ્યાહાય ચ્યાહાટી ખાઅના બોનાવલા આતા, એને માર્થા
ખાઅના વાટતી આતી, એને લાજરસ ઈસુવાઆરે ખાનારાહા માઅને
યોક બોઠલો આતો.
3 તોવે મરિયમ યોક હેર (યોક હેર એટલે આરદો કિલો) બો મોઅગાં
સુગંદી અત્તાર લેય યેની એને ઈસુવા પાગહાલ ચોપડી દેના એને તી
ટોલપી કીહીંયે કોઇન નુહી ટાક્યા એને બોદા ગુઉ ચ્યા તેલા કોઇન
સુગન્દિત ઓઈ ગીયા.
4 બાકી ચ્યા શિષ્યહા માઅને યહૂદા ઇસ્કારીયોત નાંવા યોક શિષ્ય
જો ચ્યાલ દોઆડી દેનારો આતો, આખા લાગ્યો.
5 “ઈ અત્તાર તીન હોવ દીનારાહામાય (યોક દીનાર એટલે યોક દિહા
કાંબારાં) વેચિન ચ્યા પોયહા ગોરીબાહાન કાહાનાય દેના?”
6 ચ્યાય ઈ યાહાટી નાંય આખ્યાં, કા ચ્યાલ ગોરીબાહા ચિંતા આતી,
બાકી યાહાટી આખ્યાં તો બાંડ આતો એને પોયહા ઠેલી ચ્યાપાય રોય
એને ચ્યેમાઅને તો દુબીન કાડી લેતો આતો.
7 તોવે ઈસુવે આખ્યાં, “તી સોમાયા પેલ્લા માન ડાટના તિયારી હાટી
ઈ કોઇ રિઅલી હેય.

8 કાહાકા ગોરીબ લોક તો તુમહેપાય કાયામુંજ રોતેહેં બાકી આંય
તુમહેપાય કાયામ નાંય રોહીં.”

## લાજરસાલ માઆઇ ટાકાંહાટી કાવત્રા

9 જોવે યહૂદી લોક વોનાયા કા ઈસુ તાં હેય, તોવે લોકહા ચોક મોઠી
ગીરદી તાં યેની, એ્યે ઈસુવાલુજ નાંય, બાકી લાજરસાલ એઅરા હાટીબી
યેનલે આતેં, જ્યાલ એ્યે મોઅલા માઅને જીવતો કોઅયેલ.
10 બાકી મુખ્ય યાજકાહાય લાજરસાલ બી માઆઇ ટાકના કાવત્રા
કોઅયા.
11 કાહાકા એ્યા લીદે યહૂદીયાહા માઅને બો બોદે માઅહે યહૂદી
આગેવાનહાન છોડીન જાતા રોયા, એને ઈસુવોય બોરહો કોઅયો.

## ઈસુવા યેરૂસાલેમ શેહેરામાય વિજય
## *(માથ્થી 21:1-11; માર્ક 11:1-11; લુક. 19:28-40)*

12 બીજે દિહે બો બોદા લોક જ્યા સણામાય યેનલા આતા, ઈ
વોનાયને કા, ઈસુ યેરૂસાલેમ શેહેરામાય યી રિયહો.
13 તોવે એ્યાહાય ખુજરિયે ફીફર્યેં આથામાય લેઈને એ્યાલ મિળાહાટી
નિંગી યેને, એને મોઠેરે બોંબલા લાગ્યેં, “હોસાન્ના, ધન્ય ઈસરાયેલા રાજા,
જો પ્રભુ નાંવા કોય યેહે.”
14 જેહેકોય ઈસુ યેરૂસાલેમ શેહેરામાય યેનો એ્યાલ ચોક ફુરક્યા
ગોદડા વાછડાં મિળ્યાં, તોવે તો એ્યાવોય બોહી ગીયો, જેહેકેન
પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય.
15 “ઓ યેરૂસાલેમ શેહેરા લોકહાય, બીયહા મા, એઆ, તુમહે રાજા
તુમહેપાય ફુરક્યા ગોદડા વાછડા ઉપે બોહીન યેહે.
16 ઈસુ શિષ્ય, ઈ વાત પેલ્લા નાંય હોમજ્યા, બાકી પાછે જોવે
ઈસુવાલ મહિમા મિળી, તોવે એ્યાહાન યાદ યેના કા જીં કાય ઈસુઆરે
જાયા તી ઠીક એહેકેનુજ આતા જેહેકેન પવિત્રશાસ્ત્રમાય લોખલાં.
17 તોવે ગીરદીમાઅને લોક જ્યા એ્યે સમયે એ્યાઆરે આતેં, એ્યે
બીજહાન આખા લાગ્યેં કા એ્યાય લાજરસાલ માહણામાઅને હાત
કોઇન, મોઅલાહામાઅને જીવતો ઉઠાડયેલ.

18 ઇયાહાટી માઅહે ઇયાલ મિળાહાટી યેનલે આતેં, કાહાકા ઇયાહાન
ખોબાર પોડયેલ, ઇયે ઓહડો ચમત્કાર દેખાડલો આતો.
19 તોવે પોરૂષીયા યોકબીજાહાન આખા લાગ્યા, વિચાર કોઆ,
આપા કાય નાંય કોય હોકજે, બોદી દુનિયા ઈસુવા પાહલા ઓઅય
રીઅલા હેય.”

## ઈસુ એને યુનાની લોક

20 કોલહાક યુનાની લોક તાં આતા, જ્યા સણા સમયે યેરૂસાલેમ
શેહેરામાય ભક્તિ કોઅરા યેનલા આતા.
21 ઇયાહાય ગાલીલ ભાગા બેતસાદા ગાવામાઅને ફિલિપાપાય
જાયન ઇયાહાય ઇયાલ વિનાંતી કોઅયી, “સાયબ, આમહાન ઈસુવાલ
મિળના હેય.”
22 ફિલિપે યેયન આંદ્રિયાસાલ આખ્યાં એને તોવે આંદ્રિયાસ એને
ફિલિપે ઈસુવાપાય જાયને આખ્યાં.
23 તોવે ઈસુવે ઇયાહાન આખ્યાં, તો સમય યેય ગીઅલો હેય, કા માન
માઅહા પોહા મહિમા ઓએ.
24 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જાવ લોગુ ગોવાં
દાણો જમીનીમાય પોડીન મોઓઈ નાંય જાય, તાંવ લોગુ તો યોખલો
રોહે, બાકી મોઓઈ જાહે તોવે બોજ દાણા પાકતાહા, મા આરેબી
એહેકેજ બોની.
25 જો પોતાના જીવાલ બોચાવાં માગહે, તો ગુમાવી દેહે, એને જો યા
દુનિયામાય પોતાના જીવાલ ગુમાવી દાં માગહે, તો અનંતજીવનાહાટી
ઇયાલ બોચાવી રાખી.
26 જાં માઅહું મા સેવા કોઅહે તો મા શિષ્ય બોને, તોવે જાં આંય
હેય, તાં મા સેવક બી ઓરી, જો કાદો મા સેવા કોએ, તો પોરમેહેર
આબો ઇયા કદર કોઅરી.

## પોતાના મોઅઇ જાયના ભવિષ્યવાણી

27 આમી મા મોન દુઃખી ઓઅઇ ગીયા એને આંય કાય આખું? કા,
“ઓ આબા, માન યે પીડા સોમયામાઅને બોચાવ?” એહેકેન નાંય,
બાકી આંય યા દુનિયામાય ઇયા હાટીજ યેનહો કા દુઃખ બોગવું.

28 ઓ મા આબા, દેખાડ કા તું કોલહો મહિમામાય હેય તોવે
હોરગામાઅને ઓહડો આવાજ ઓઅયો, “માયે દેખાડી દેના કા આંય
કોલહો મહિમામાય હેતાંવ, એને આંય ચાલ પાછો દેખાડીહી.”
29 તોવે જ્યા લોક ઉબા રોયન વોનાય રીઅલા આતા, ચ્યાહાય
આખ્યાં ઈ તો વાદળામાય ગાજ્યા, બીજહાંય આખ્યાં, “કાદો હોરગા
દૂત ચ્યાઆરે બોલ્યો.”
30 ઈસુવે જાવાબ દેયન આખ્યાં, “ઓ આવાજ મા હાટી નાંય, બાકી
તુમહે ફાયદાહાટી હેય.
31 આમી યા દુનિયા લોકહા ન્યાય કોઅરાહાટી પોરમેહેરા સમય હેય,
એને ઈસુકોય યા દુનિયા શાસક સૈતાના શક્તિ નાશ કોઇ દી.
32 એને જોવે આંય દોરતીવોઅને ઉચે ચોડાવલો જાહીં, તોવે
બોદહાન માયેપાંય લેય લિહીં.”
33 એહેકેન આખીન ચ્યે ઈ વાત પ્રગટ કોઇ દેની, કા તો કેહેકે
મોઅનારો આતો.
34 તોવે લોકહાય ચ્યાલ આખ્યાં, “નિયમશાસ્ત્ર માય આમા એહેકેન
વોનાયાહા, કા ખ્રિસ્ત કાયામુંજ જીવતો રોય, તોવે તું કેહેકેન આખતોહો
કા માઅહા પોહાલ ઉચે ચોડાવના જરુરી હેય? ઓ માઅહા પોહો કું
હેય?”
35 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, “થોડીવાઆ તુમહે વોચમાય
ઉજવાડો હેય, જાવ લોગુ ઉજવાડો તુમહેઆરે હેય તાંવ લોગુ ચાલ્યાજ
કોઆ, એહેકેન નાંય બોને કા આંદારાં ઓઈ જાય, જો માઅહું
આંદારામાય ચાલહે, ચ્યાલ ખોબાર નાંય કા તો કેછ જાય રિયહો.
36 જાવ લોગુ ઉજવાડો તુમહેઆરે હેય, તાંવ લોગુ ઉજવાડાવોય
બોરહો કોઆ કા તુમા ઉજવાડા પોહેં બોના” યો વાતો આખીન ઈસુ
તાઅને જાતો રિયો એને ચ્યાહા પાયને ગુપ્તમાય રિયો.

## ભવિષ્યવાણ્યો પુરાં ઓઅના

37 એને ઈસુવે ચ્યાહા દેખતા બોજ ચમત્કાર કોઅયા, તેરુંબી
ચ્યાહાય ચ્યાવોય બોરહો નાંય કોઅયો.

38 ઈ યાહાટી જાયા કા યશાયા ભવિષ્યવક્તાય જીં વચન આખ્યેલ તી
હાચ્ચાં ઓઈ જાય, "ઓ પ્રભુ, આમહે સંદેશ વોય કુંયે બોરહો કોઅયો,
એને પોરમેહેરા સામર્થ્ય કુંયે હોમજી પાડ્યા?"
39 ચ્યાહાટી ચ્યા બોરહો નાંય કોઇ હોક્યા, કાહાકા યશાયા
ભવિષ્યવક્તાય પાછા આખ્યેલ,
40 "ચ્યાય ચ્યાહા ડોળા આંદળા કોઇ દેના કા ચ્યા એઇ નાંય હોકે,
એને ચ્યાહા દિમાક બંદ કોઇ દેના કા ચ્યા હોમજી નાંય હોકે, ને તો ચ્યા
મા એછે ફિરી યેતે એને આંય ચ્યાહાન હારાં કોઇ દેતો."
41 યશાયાય યો વાતો યાહાટી આખ્યેલ, કાહાકા ચ્યાય સોમાયા
પેલ્લા ઈસુ મહિમા દેખ્યેલ એને ચ્યાય ચ્યા બારામાય વાતો કોઅયો.
42 તેરુંબી આગેવાનહા માઅને બો બોદહાય ચ્યાવોય બોરહો
કોઅયો, બાકી પોરૂષીયાહા લીદે ખુલ્લી રીતે નાંય બોરહો કોઅતા આતા,
યા દાકે કા ચ્યાહાન સોબાયે ઠિકાણા માઅને બાઆ નાંય કાડી દેય.
43 કાહાકા માઅહા વાહવા ચ્યાહાન પોરમેહેરા વાહવા કોઅતા
વોદારી પ્રિય ગોમહે.

## ઉજવાડામાય ચાલના

44 ઈસુવે ગીરદીલ મોઠેરે બોંબલીન આખ્યાં, "જીં માઅહું માયેવોય
બોરહો કોઅહે, તી માયેવોય નાંય, બાકી માન દોવાડનારાવોય બોરહો
કોઅહે.
45 એને જીં માઅહું માન એઅહે, તો જ્યેં માન દોવાડયોહો ચ્યાલ
એઅહે.
46 આંય યા દુનિયામાય ઉજવાડો બોનીન યેનહો, કા જો કાદો
માયેવોય બોરહો કોએ, તો આંદારામાય નાંય રોય.
47 એને જીં માઅહું મા વાત વોનાય તેરુંબી નાંય પાળે, તો આંય ચ્યાલ
ડોંડ નાંય દાવ, કાહાકા આંય દુનિયા લોકહાન ડોંડ દાં નાંય, બાકી દુનિયા
લોકહાન બોચાવાં હાટી યેનહો.
48 જીં માઅહું મા નાકાર કોઅહે એને મા વાત સ્વીકાર નાંય કોએ,
ચ્યાલ ડોંડ દેનારો તો યોક હેય, મતલબ જીં વાત માયે આખલી હેય, તી
ન્યાયા દિહે ચ્યાલ ડોંડ દેઅરી.

49 કાહાકા માયે મા પોતા ઓદિકારા કોઇન વાત નાંય કોઅયી, બાકી
પોરમેહેર આબહે જ્યેં માન દોવાડયોહો ચ્યાય માન આગના દેનહી, કા
આંય કાય આખું એને કેહેકેન આખું?
50 એને આંય જાંઅતાહાંવ, કા ચ્યા આગના પાળના અનંતજીવના
એછે લેય જાહે, યાહાટી આંય જીં આખહુ જેહેકેન પોરમેહેર આબહે
માન આખ્યાહા, તેહેકેન આંય આખતાહાવ."

# 13

## પ્રભુભોજ

1 પાસ્કા સણા પેલ્લા જોવે ઈસુ જાંઆય ગીયો, કા મા સમય યેય
ગીયહો, કા દુનિયા છોડીન પોરમેહેર આબહાહી પાછો ફિરી જાવ, તોવે
ચ્યાવોય બોરહો કોઅનારા લોકહાવોય, જ્યેં દુનિયામાય આતેં, જેહેકેન
તો પ્રેમ કોઅતો આતો, સેલે લોગુ તેહેકેન પ્રેમ કોઅતો રિયો.
2 ઈસુ એને ચ્યા શિષ્ય રાતી ખાઅના ખાં બોઠલા આતા, સૈતાને
પેલ્લાજ સિમોના પોહો યહૂદા ઇસ્કારીયોતા મોનામાય ઈસુવાલ દોગો
દેઅના વિચાર થોવ્યેલ.
3 ઈસુ ઈ જાંઅતો આતો, કા પોરમેહેર આબહે બોદા કાય ચ્યા
ઓદિકારામાય હોઅપી દેનહા એને તો પોરમેહેરાપાઅને યેનહો એને
પોરમેહેરાપાય પાછો જાય રિઅલો હેય.
4 ઈસુ ખાઅના ખાય તાઅને ઉઠયો, એને ચ્યા બાઆને ડોગલાં
કાડયા, એને રુંબાળ લેઈને કોંબરા આરે બાંદો.

## ઈસુવા શિષ્યહા પાગ દોવના

5 ચ્યા પાછે ઈસુય વાહાણામાય પાઆય બોઇન શિષ્યહા પાગ દોવાં
એને જો રુંબાળ ચ્યા કોંબરા આરે બાંદલો આતો ચ્યાકોય નુંહરા લાગ્યો.
6 જોવે તો સિમોના પિત્તરા પાય યેનો, તોવે પિત્તરે ચ્યાલ આખ્યાં,
"ઓ પ્રભુ, કાય તું મા પાગ દોવતોહો?"
7 ઈસુવે જાવાબ દેનો કા, "જીં આંય કોઅતાહાંવ તીં તુલ આમી
હોમાજ નાંય પોડે, બાકી પાછે હોમાજ પોડી."
8 પિત્તરે આખ્યાં, "તું મા પાગ કોવેજ દોવી નાંય હોકહે," ઈ વોનાયને
ઈસુવે આખ્યાં, "જોવે આંય નાંય દોવું તોવે તું મા શિષ્ય નાંય."

9 સિમોન પિત્તરે આખ્યાં, તારાત બોલ્યો, “તોવે પ્રભુ, મા પાગ
ઓલહાંજ નાંય, બાકી મા આથ એને ટોલપી હોગી.”
10 ઈસુવે ચ્યાલ આખ્યાં, “જો આંગળી ચુકયોહો, ચ્યાલ ખાલી પાગ
દોવના ગોરાજ હેય, ચ્યા બોદા શરીર ચોખ્ખાં હેય, તુમા ચોકાલ છોડીન
બોદા ચોખ્ખાં હેય.”
11 ઈસુ તે ચ્યાલ દોગો દેનારાલ જાંઅતો આતો, ચ્યાહાટી ચ્યે આખ્યાં,
કા “તુમા ચોકાલ છોડીન બોદા ચોખ્ખાં હેય.”

## પાગ દોવના મતલબ

12 જોવે ઈસુ ચ્યાહા પાગ દોવી ચુક્યો એને ચ્યા બાઆને ડોગલાં
પોવીન બોહી ગીયો પાછે તો શિષ્યહાન આખા લાગ્યો, “કાય તુમા
હોમજ્યા કા માયે તુમહેઆરે કાય કોઅયા?
13 તુમા માન ગુરુ, એને પ્રભુ, આખતાહા, તી હાચ્ચાં આખતાહા,
કાહાકા આંય તુમહે ગુરુ એને પ્રભુ બી હેતાઉ.
14 જોવે આંય પ્રભુ એને ગુરુ હેતાંવ તેરું તુમહે પાગ દોવ્યા, તોવે
તુમહાય બી ચોક બીજહા પાગ દોવીન માયે હારકા કોઅરા જોજે.
15 કાહાકા માયે તુમહાન નમુનો દેખાડયો, તોવે કા જેહેકેન માયે
તુમહેઆરે કોઅયા, તુમાબી તેહેકેન કોઅયા કોઅરા.
16 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, સેવક ચ્યા માલિકા
કોઅતો મોઠો નાંય હેય, એને દોવાડલો ચ્યાલ દોવાડનારા કોઅતો મોઠો
નાંય હેય.
17 આમી તુમા યો વાતો જાંઅતાહા, તો ચ્યાહાન કોઆ કા તુમા ધન્ય
ઓઈ જાય.
18 આંય તુમા બોદહા બારામાય નાંય આખું, કાહાકા માયે જ્યાહાન
નિવડી લેદલા હેય, આંય ચ્યાહાન જાંઅતાહાંવ, બાકી એહેકેન યાહાટી
ઓઈ રીઅલા હેય કા પવિત્રશાસ્ત્રમાય લોખલાં હેય તી પુરાં ઓરા
જોજે, કા જ્યાંય મા આરે ખાઅના ખાદાં, ચ્યાય માન દોગો દેનો.
19 આમી ઈ બોને ચ્યા પેલ્લા, આંય તુમહાન આખતાહાવ કા ઈ બોની
જાય તોદહી તુમા બોરહો કોઅહા કા આંય તોજ હેતાઉ.

20 આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જ્યાલ માયે
દોવાડયોહો ચ્યાલ જો માની લેહે, તો હાચ્ચાંજ મા માની લેહે, જો
કાદો મા માની લેહે, તો હાચ્ચાંજ પોરમેહેરાબી માની લેહે જ્યાંય માન
દોવાડયોહો."

## બોરહો નાંય થોવના

21 યો વાતો આખ્યો પાછે ઈસુ મોનામાય દુઃખી ઓઅય ગીયો,
એને શિષ્યહાન આખ્યાં, આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ,
તુમહેમાઅને યોક જાંઆ માન દોઅય દી.
22 તોવે ચ્યા શિષ્ય એહેકેન શંકા કોઅતા આતા, કા તો કા બારામાય
આખહે, યોકા બિજા એછે એઅતા લાગ્યા.
23 ચ્યા શિષ્યહા માઅને યોક જ્યાવોય ઈસુ પ્રેમ કોઅતો આતો, ઈસુ
બાજુ માય બોઠલો આતો.
24 સિમોન પિત્તરે ચ્યાએછે ઈશારો કોઇન પુછ્યાં, "પુછ તે, તો કા
બારામાય આખહે?"
25 તોવે ચ્યાય ઈસુવા એછે વોળીન ચ્યાલ પુછ્યાં, "પ્રભુ, તો કું હેય?"
26 ઈસુવે જવાબ દેનો, "જ્યાલ ઈ આંય બાખ્યે કુટકો થાળીમાય
બુડવીન દેતહાવ તોજ હેય." તોવે ઈસુય કુટકો થાળીમાય બુડવીન
સિમોના પોહો યહૂદા ઈસ્કારિયોતાલ દેનો.
27 જેહેકેન યહૂદાય બાખી કુટકો ખાદો પાછે, ઈસુવે જવાબ દેનો,
"જ્યાલ ઈ આંય બાખ્યે કુટકો થાળીમાય બુડવીન દેતહાવ તોજ હેય."
ઈસુય આખ્યાં, "તું જીં કોઅરા જાય રિઅલો હેય, ચ્યાલ તારાત કોઓ,
એને સૈતાન ચ્યામાય ઉરાય ગીયો."
28 બાકી ખાં બોઠલાહામાઅને કાદે નાંય જાંઅયા, યો વાતો કાહાટી
ઈસુય આખ્યો.
29 યહૂદાપાય પોયહા ઠેલી રોય ચ્યાહાટી કાદે-કાદે એહેકેન હોમજ્યા,
કા ઈસુ ચ્યાલ આખહે, કા જીં કાય આપહાન સણાહાટી જોજહે તી
વેચાતાં લેય, કા ઈ કા ગોરીબાહાન કાય દેય.
30 બાખ્યે કુટકો ખાદો પાછે યહૂદા તારાત બાઆ નિંગી ગીયો, તોવે
રાત આતી.

### નોવી આગના
### *(માથ્થી 26:31-35; માર્ક 14:27-31; લુક. 22:31-34)*

31 જોવે તો બાઆ નિંગી ગીયો તોવે ઈસુવે આખ્યાં, "આમી માઅહા
પોહા મહિમા જાયી એને પોરમેહેરા મહિમા ચ્યામાય જાયી.
32 એને પોરમેહેર બી પોતામાંય ચ્યા પોહા મહિમા કોઅરી, એને તો
તારાત કોઅરી.
33 ઓ પોહહાય, આંય આજુ વાયજ વાઆ તુમહેઆરે હેતાઉ પાછા
તુમા માન હોદહા બાકી જેહેકેન યહૂદી લોકહાન માયે આખ્યાં, જાં આંય
જાય રિયહો, તાં તુમા નાંય યી હોકે, એને આમીબી તુમહાન તેહેકેનુજ
આખતાહાવ.
34 આંય તુમહાન યોક નોવી આગના દેતહાવ, કા તુમા યોક
બીજહાવોય પ્રેમ કોઆ જેહેકેન માયે તુમહાવોય પ્રેમ કોઅયા, તેહેકેન
તુમા યોક બીજહાન પ્રેમ કોઆ.
35 જોવે તુમા યોક બિજાવોય પ્રેમ કોઅહા, તોવે બોદે તુમહાન
જાંઆય લી કા મા શિષ્ય હેતા."

### ઈસુથી પિત્તરા નાકાર કોઅના ભવિષ્યવાણી

36 સિમોન પિત્તરે ચ્યાલ આખ્યાં, "ઓ પ્રભુ, તું કેછ જાય રિયહો?"
ઈસુવે ચ્યાલ જાવાબ દેનો, "જાં આંય જાય રિયહો, તાં તું આમી મા
પાહલા નાંય યી હોકા, બાકી ચ્યા પાછે તું મા પાહલા યેહે."
37 પિત્તરે ઈસુવાલ આખ્યાં, "ઓ પ્રભુ, આમી આંય તો પાહલા
કાહાનાય યી હોકુ? આંય તે તોહાટી મોઅરા બી તિયાર હેય."
38 ઈસુવે જાવાબ દેનો, "કાય તું માંહાટી મોઅહે? આંય તુલ હાચ્ચાં-
હાચ્ચાં આખતાહાવ, કુકાડ વાહાય ચ્યા પેલ્લા તું તીનદા આખહે આંય
નાંય વોળખું."

# 14

### ઈસુ પોતાના શિષ્યાહાન દિલાસો દેહે

1 "તુમા મોનામાય દુ:ખી નાંય ઓઅતા, તુમા પોરમેહેરાવોય બોરહો
કોઅતાહા માયેવોય બી બોરહો કોઆ.

2 મા પોરમેહેર આબહા ગોઆમાય રોઅના બોજ જાગો હેય, જોવે
નાંય રોતા તોવે તુમહાન આંય આખતો કાહાકા આંય તુમહેહાટી જાગો
તિયારી કોઅરા જાય રિયહો.
3 આંય તાં જાયને જાગો તિયાર કોઇન પાછે આંય પાછો યેયન, તોવે
તુમહાન મા આરે રા લેય યીહીં, યાહાટી કા જાં આંય હેતાઉ તાં તુમાબી
રોહા.

### વાટ, હાચ્ચાં એને જીવન

4 એને જાં આંય જાય રિયહો તાંઆની વાટ તુમહાન ખોબાર હેય."
5 થોમાય આ્યાલ આખ્યાં, "ઓ પ્રભુ, આમહાન નાંય ખોબાર કા તું
કેછ જાય રિયહો, તોવે આમા વાટ કેહેકેન જાંઆય હોકજે?"
6 ઈસુવે આ્યાલ આખ્યાં, "વાટ એને હાચ્ચાં એને અનંતજીવન આંયજ
હેતાંવ, માયે વોગાર કાદો પોરમેહેર આબહાપાય નાંય જાય હોકે.
7 જોવે તુમા માન જાઅતા, તોવે મા આબહાલ બી જાઅતા, એને
આમી આ્યાલ જાંઅતાહા, એને આ્યાલ દેખ્યહો બી."
8 ફિલિપે આ્યાલ આખ્યાં, "ઓ પ્રભુ, આબહાલ આમહાન દેખાડી દે,
ઈ આમહેહાટી બો ઓઅઇ ગીયા."
9 ઈસુવે આ્યાલ આખ્યાં, "ઓ ફિલિપ, આંય ઓલા દિહી તુમહેઆરે
હેતાંવ, એને કાય તું માન નાંય જાંઅતોહો? જ્યાંય માન દેખ્યો,
આ્યાય પોરમેહેર આબહાલ દેખ્યહો, તું કાહા આખતોહો કા આબહાલ
આમહાન દેખાડ?
10 આંય આબહામાય હેતાઉ એને માંયેમાય આબહો હેય, કાય તું
યે વાતવોય બોરહો નાંય કોઆ? જી વાત આંય તુમહાન આખતાહાવ,
મા પોતા ઓદિકારા કોઇન નાંય આખતાહાવ, બાકી આબહો માંયેમાય
રોયન તીંજ કામ કોઅહે જી તો કોઅરા માગહે.
11 માયેવોય બોરહો કોઆ, આંય આબહામાય હેતાઉ એને આબહો
માંયેમાય હેય, નાંય તો જ્યા માયે ચમત્કાર કોઅલા હેય આ્યાહા લેદે
માયેવોય બોરહો કોઆ."

### ઈસુ નાવામાય પ્રાર્થના

12 "આંય તુમહાન હાચ્ચાં-હાચ્ચાં આખતાહાવ, જો કાદો માયેવોય
બોરહો કોઅહે, યે કામે જયેં આંય કોઅતાહાંવ તોબી કોઅરી, બાકી

ચ્યાકોઅતે બી મોઠે કામ કોઅરી, કાહાકા આંય આબહાપાય જાય
રિયહો.
13 એને જીં કાય તુમા મા નાવાકોય માગહા તીંજ આંય કોઅહી કા
પોહાકોય આબહા મહિમા ઓએ.
14 જોવે તુમા માપાયને મા નાંવે કોય કાયબી માગહા, તો તી આંય
કોઅહી."

## પવિત્ર આત્માલ વાટ જોવના

15 જોવે તુમા માયેવોય પ્રેમ કોઅતાહા, તોવે મા આગના પાળહા.
16 એને આંય આબહાલ પ્રાર્થના કોઅહી, એને તો તુમહાન આજુ
યોક મોદાત્યો દી, કા તો કાયામ તુમહેઆરે રોય.
17 તો તી આત્મા હેય, જીં પોરમેહેરાબારામાય હાચ્ચાં પ્રગટ કોઅહે,
જ્યાલ દુનિયા લોક સ્વીકાર નાંય કોઅય હોકે, કાહાકા દુનિયા લોક નાંય
ચ્યાલ એઇ હોકે નાંય ચ્યાલ જાંઅતેહે, બાકી તુમા ચ્યાલ જાંઅતેહે,
કાહાકા તી તુમહેઆરે રોહે, એને તો તુમહેમાય રોય.
18 "આંય તુમહાન અનાથ નાંય છોડહી, આંય તુમહેપાય પાછો
યેતહાવ.
19 માહારીજ દુનિયા માન નાંય એઅરી, બાકી તુમા માન એઅહા,
કાહાકા આંય પાછો જીવી જાહીં, એને યાહાટી તુમાબી જીવતા રોહા.
